
સુરેશ જોષી

# પરકીયા



# પરકીયા

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય

સુરેશ જોષી

પરકીયા Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


પરકીયા xi

’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ xii

સર્જક-પરિચય 1

– iv

– જયંત પારેખ v

**શાર્લ બોદલેર**

કહે પ્રિય 10

સુન્દરી માર્જારી 11

એકોક્તિ 13

રાક્ષસી 14

સુન્દરતા સ્તવન 15

મલબારની કન્યાને 17

| | |
|---|---|
| દૂરદૂરની સુવાસ | 19 |
| હજી નથી ભૂલ્યો | 21 |
| સુન્દરતા | 22 |
| કેશરાશિ | 23 |
| સ્તોત્ર | 25 |
| સ્વગતોક્તિ | 27 |
| હેમન્ત | 28 |
| શૂન્યની ઝંખના | 29 |
| પ્રેમીઓની મદિરા | 30 |
| સન્ધ્યા | 31 |
| એકરાર | 34 |
| સંવાદ | 36 |
| એકરાર | 37 |
| આભરણ | 39 |
| વિરતિ | 41 |
| વસન્ત | 43 |
| શાહેદી રજૂ કરો | 44 |

## પાબ્લો નેરુધા


ઘોડા 48

શિશુનાં ચરણ 50

ગ્રહ 53

ગમગીનીને 54

રાતનો જનમ થતો નહીં 56

તારું હાસ્ય 58

કુંભાર 61

સદૈવ 63

જન્તુ 64

પુષ્કળા 66

એક શિયાળામાં – 68

દુ:ખિયારી 72


## બોરિસ પાસ્તરનાક


મિલન 75

પ્રભાત 77

વિયોગ 79

**સેંટ જ્હોન પેર્સ**

નમેલી સાંજ 83

હે પ્રિયતમ! 86

**સેસારે વાયેહો**

ચહેરા વિનાનો માણસ 89

**જ્યુસેપ્પે ઉન્ગારેત્તિ**

પ્રાર્થના 92

**પાવો હાવિકો**

સાતમી કવિતા 95

**ચીની કવિતાઓ**

યુન્ગ 101

ચાઓ કુ 103

પા ચુ ઇ 104

લિ ચિંગ પાઓ 105

પો ચુ 107

લિ પો 109

લિ સિડ 110

હિસયાંગ કાઓ 112

**જીવનાનન્દ દાસ**

અન્ધકાર 114

પવનભરી રાત 117

નગ્ન નિર્જન હાથ 120

હું જો હોત 123

ઘાસ 125

બિલાડી 126

આ બધું ય સારું લાગે 127

નારંગી 128

હરણ 129

સાંજ ઢળે 130

એક દિન 131

ઘાસતણા વક્ષથી 132

**વિન્દા કરન્દીકર**

દાદરા 134

**સુધીન્દ્રનાથ દત્ત**

શોધ 137

**હેમચન્દ્ર બાગચી**

'સ્વપ્નો નુ, માયા નુ, મતિભ્રમો નુ' 140

**સમર સેન**

મુક્તિ 143

**અર્ચન દાસગુપ્ત**

સૂરજકુંડ* 145

**અજિત દત્ત**

એક કાવ્યખણ્ડ 148

**વિષ્ણુ દે**

અભીપ્સા 150

**પ્રમથનાથ બિશી**

અનિર્વચનીયા 152

## બુદ્ધદેવ બસુ

પ્રેમી

157

# પરકીયા

## પરકીયા

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય

સુરેશ હ. જોષી

સંકલન: શિરીષ પંચાલ

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for

allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોના

પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

પૂજ્ય ભવાનીશંકર વ્યાસને
જેમણે પરકીયાનો અનુરાગ લગાડયો

If what you read herein seem not for you designed,
may you at least have met the mind within this mind,
May this unyielded book at least as much convey
as we grant each to each presence from far away.
Presence I say, but mean equivalence thereby.
The unexpressed that from afar can magnify,
can shrink us from afar until we're almost gone :
Unreally possessed and really foregone.
**– Rainer Maria Rilke**

– જયંત પારેખ

આર્જેન્તિનાના પ્રતિભાશાળી સર્જક હોર્હે લુઇસ બોર્હેસની એક સચોટ નીતિકથા છે. એનું પાત્ર સેર્વાન્તેસની પ્રખ્યાત નવલકથા દોન કિગ્સોતેનું ભાષાન્તર કરવાનું માથે લે છે, જેમાં નવલકથાનું સૌન્દર્ય જરા ય અળપાઈ જાય નહીં, જરા ય નષ્ટ થઈ જાય નહીં એવું ભાષાન્તર એને કરવું છે. નવલકથાની મૂળ અભિવ્યક્તિને અકબન્ધ જાળવી રાખીને જ એ થઈ શકે ને? એટલે તો દોન કિગ્સોતેની પંક્તિએ પંક્તિની, શબ્દે શબ્દની નકલ કરે છે ને શ્રેષ્ઠ ભાષાન્તર કર્યાનો સન્તોષ માણે છે.

બોર્હેસ અહીંયાં જાણે સૂચવી દે છે કે સાહિત્યકૃતિનું ભાષાન્તર થઈ શકે જ નહીં. એક ભાષામાં રચાયેલી બીજી કૃતિને ભાષામાં અકબન્ધ ઉતારી શકાય જ નહીં. વાસ્તવિકતાને આત્મસાત્ કરવાની તેમ જ એને અભિવ્યક્ત કરવાની પ્રત્યેક ભાષાની શક્તિ નિરાળી છે, એ અર્થમાં આપણી ભાષા એ જ આપણું વિશ્વ છે. પ્રત્યેક ભાષાની પ્રતિભા નિરાળી, એટલે પ્રત્યેક ભાષાનું વિશ્વ નિરાળું. એક ભાષામાં રચાયેલી કૃતિને બીજી ભાષામાં ઉતારવા જઈએ તો કોઈક ને કોઈક ફેરફાર થઈ જ જાય, કોઈક ને કોઈક mutilation થઈ જ જાય, ને અસલ શક્તિ ને સૌન્દર્ય ભાષાન્તરમાં માણવા મળે જ નહીં.

– જયંત પારેખ

કાવ્યનું કાવ્યત્વ એના વિશિષ્ટ સંવિધાનમાં છે. કવિ અનુભવને ઉત્કટતાથી અભિવ્યક્ત કરે છે, એ માટે ભાષાની તમામ શક્તિને ખપમાં લે છે, સંવેદનના વેરવિખેર અંશોને આકર્ષીને આગવો સન્દર્ભ રચે છે ને પરિણામે એના કાવ્યમાં શબ્દ નવો જન્મ પામે છે. માલાર્મે અને વાલેરી જેવા આ જ કારણે કાવ્યને ભાષાની નવી શક્તિનો આવિષ્કાર માને છે. જ્યોર્જ સ્ટાઇનર પણ કહે છે કે the poem is because nothing exactly like it has been before, because its very composition is an act of unique designation, of naming some previously anonymous or inchoate experience as Adam named the creatures of life. કાવ્યમાં કશુંક અનનુભૂત અપરિચિત, કશુંક અપૂર્વ તત્ત્વ હોય જ ને તેથી જ કવિ પોતાના કાવ્યમાં જે વ્યક્ત કરે છે તેનું સહૃદય ભાવક મૂળ ભાષામાં પણ, એ ને એ સ્વરૂપે, ક્યારે ય આકલન કરી શકતો નથી, તો અનુવાદમાં તો ક્યાંથી જ કરી શકે? મૂળ ભાષામાં થતો એનો પરિચય એ એક પ્રકારનું approximation જ હોય, તો બીજી ભાષામાં થતો એનો પરિચય એ પણ એક પ્રકારનું approximation જ હોઈ શકે ને?

કેટલાક તો વળી એમ કહે છે કે ભાષાને અતિક્રમી જાય તે કવિતા. બોદલેર ફ્રેન્ચ ભાષામાં કાવ્ય રચે, આપણે એનો અંગ્રેજી કે અન્ય ભાષામાં અનુવાદ વાંચીએ છતાં એનો આપણા પર પ્રભાવ પડે એ બતાવી આપે છે કે ભાષા પછી પણ કશુંક તો રહે છે ને જે રહી જાય છે તે એનો અર્થ; અનુવાદમાં આપણને આ અર્થ જ મળે છે, એથી જ આ લોકો કવિકર્મનો વિશેષ તો ભાષામાં પ્રગટ થાય છે એ વાતનો વિરોધ કરે છે ને કહે છે કે કવિકર્મનો વિશેષ તો ભાષાથી પર એવા એના અર્થમાં પ્રગટ થાય છે. એમની દલીલમાં કવિની ભાષા ને કાવ્યની ભાષા – દેશવિશેષની ભાષા ને કલાવિશેષનું માધ્યમ – એ વિષેની ભારે અસ્પષ્ટતા જોવા મળે છે. પ્રત્યેક કાવ્યમાં ત્રણ ભાષા હોય

છે: કાવ્ય જે ભાષામાં રચાય તે ભાષા, માનવીમાત્રની ભાષા, ને આ બન્નેના રસાયણમાંથી આવિષ્કાર પામે તે 'કાવ્યની ભાષા', એથી કવિકર્મનો વિશેષ ભાષામાં પ્રગટ થતો નથી એમ કહેવું એ તદ્દન ભૂલભરેલું છે. કવિકર્મનો વિશેષ ભાષામાં જ પ્રગટ થાય છે, ને કાવ્યનો અનુવાદ એ વિશેષને તાગવાનો એક પુરુષાર્થ માત્ર છે.

પ્રત્યેક દેશની ભાષાને પોતાનો એક આગવો, સંકુલ પરિવેશ હોય છે. કાવ્યના અનુવાદને એમાં પ્રવેશ કરવાનું મુશ્કેલ નીવડતું હોય ત્યારે 'કાવ્યની ભાષા'માં કરવાનું તો એથી વધુ મુશ્કેલ નીવડે એ દેખીતું જ છે.

આમ છતાં કોઈ કાવ્યનો અનુવાદ કરવાનું શા માટે માથે લે? આપણા ભાષાજ્ઞાનને મર્યાદા હોય છે. બધાં જ કાવ્યો આપણે મૂળ ભાષામાં વાંચી શકતા નથી, એની અવેજીમાં અનુવાદથી જ સન્તોષ માનવો પડે છે, ક્યારેક તો અનુવાદના અનુવાદથી ચલાવી લેવું પડે છે. કાવ્યનો અનુવાદ કરનારને પણ ક્યારેક મૂળ ભાષાને બદલે એના અનુવાદથી ચલાવી લેવું પડે છે. પોતાની મર્યાદાથી, પોતાના કાર્યની અપૂર્ણતાથી, અનુવાદમાં પોતે મૂળ કાવ્યનાં શક્તિ ને સૌન્દર્ય કેટલા ઓછા પ્રમાણમાં ઉતારી શકે છે એ હકીકતથી એ સભાન નથી હોતો એવું નથી. પરંતુ પોતે 'new thrill' અનુભવી છે એનો જરા જેટલોયે સંસ્પર્શ બીજાને થઈ શકતો હોય તો એને સન્તોષ થાય છે. એ જાણે છે કે અનુવાદનું કામ મૂળ કાવ્યનું સ્થાન પચાવી પાડવાનું નથી, એનું ગૌરવ સ્થાપવાનું છે.

સૌથી વિશેષ તો કાવ્યનો અનુવાદ કરનાર એક નવી જ પ્રતિભાના સમ્પર્કમાં આવે છે. એને નવી સંવેદનાનો, નવા વાસ્તવનો પરિચય થાય છે, પોતાના માધ્યમની શક્તિનો નવેસરથી તાગ મળે છે. દેશે દેશની ભાષા જુદી, કવિએ કવિની ભાષા જુદી તેમ કાવ્યે કાવ્યની ભાષા જુદી. જેટલી ભાષા એટલાં

વિશ્વ. આ જ તો સાચી સમૃદ્ધિ છે. આ સમૃદ્ધિ ન હોત તો આપણું જગત કેટલું એકવિધ ને નીરસ બની જાય! આ સમૃદ્ધિની દિશામાં પ્રયાણ કરવું એ કાવ્યુનો અનુવાદ કરનારને મન મહામૂલો અવસર છે.

કાવ્યનો અનુવાદ શું કરી શકે છે ને શું નથી કરી શકતો એ વિષે સુરેશ જોષી પૂરેપૂરા સભાન છે. સર્જનની પ્રક્રિયાનો પાર પામવામાં એ સતત પ્રવૃત્ત રહ્યા છે. સર્જન, વિવેચન, આસ્વાદ ને સમ્પાદનની જેમ એમના અનુવાદોએ મારી જેમ અનેકને મૂળ કાવ્ય વાંચવા માટે પ્રેર્યા છે. સતત અનુવાદ કરીને એમણે સમકાલીનોની તેમ જ અનુગામીઓની રુચિને કેળવી છે, સૂઝને સૂક્ષ્મ બનાવી છે, સિસૃક્ષાને નવી ક્ષિતિજો ચીંધી છે. કાવ્યનાં સર્જન, વિવેચન ને આસ્વાદ માટેનું યોગ્ય વાતાવરણ રચી આપવામાં એમના અનુવાદે જે કાર્ય કર્યું છે એ ખૂબ જ મહત્ત્વનું છે.

**જયંત પારેખ**

# શાર્લ બોદલેર

# કહે પ્રિય

અતિરેક સુખનો શું કરે મ્લાન તવ પક્ષ્મછાય?
કહે પ્રિય, કહે મને, જેથી મને સમજાય:
રાત ઢળવાને સમે વૃક્ષમૂળે કમ્પે છાંય
તેમ ઉર તારું શાને છાયાસમ નયને છવાય?

તારું મ્લાન મુખ કરે મ્લાન સર્વ પરિવેશ
કરુણ કપોતી મમ, કહે, શો છે વિષાદ આ નેત્રે તવ?
નિકટ તું સરી આવ, અડવા દે કપોલે કપોલ,
કહે મને, ફરી ફરી કહે: 'સ્વર તારો નચાવે હૃદય મમ.'

# સુન્દરી માર્જારી

સુન્દરી માર્જારી! અહીં આવ,
કામુક વક્ષ પે મમ અંગ તું લંબાવ;
ઢાંકી દે નહોર તારા તીક્ષ્ણ ને કુટિલ;
ખોઈ દેવા દેને મને નયને મદિલ.
સ્ફટિક ને સુવર્ણની એમાં ભળી ઝાંય,
મોહક મારક એના કામણથી હૈયું આ ઘવાય.

અલસ ને મત્ત મારી અંગુલિઓ પંપાળતી ફરે જ્યારે
નમનીય પીઠે અને શિરે તારે,
રોમાંચિત થઈ ઊઠું છું હું ત્યારે,
વિદ્યુન્મયી તારી કાયા તણા સ્પરશને.

તરવરી રહે ત્યારે છબિ પ્રેયસીની:
તારા જેવી દૃષ્ટિ એની ગૂઢ અને હિમમયી,
વેધક ને તીક્ષ્ણ એવી જાણે વિષદંશ,
દયાતણો જેમાં નહિ લવલેશ અંશ!

કશી મરીચિકા, કશી પ્રાણાન્તક ગન્ધ
ઘેરી વળે નખશિખ એનાં રે ધૂસર અંગ

# એકોક્તિ

તું તો છો હેમન્તતણું નભ પ્રિયે, વિશદ ગુલાબી;
મારે ઉરે સાગર શા વિષાદની છોળ છલકાતી.
ઓસરી એ જાય ત્યારે મૂકી જાય મુજ રુષ્ટ હોઠે
ચચરતા ક્ષારતણો કેવળ દાહક અંશ!

વૃથા પસારતા તારા કર આ મૂર્ચ્છિત વક્ષ,
એ તો પ્રિયે, નખક્ષતે દન્તક્ષતે નારીઓનાં થયું છે આહત!
શોધવા મથીશ નહિ મારું તું હૃદય,
ભક્ષી ગયા એને વન્ય શ્વાપદો નિર્દય.

ઉદ્દણ્ડ ટોળાંએ કર્યો અપવિત્ર હૃદયપ્રાસાદ –
પીંખે વાળ, કરે હત્યા – પાશવી ઉન્માદ!
સૌરભ કો અલૌકિક ઘેરી વળે નગ્ન તારી ગ્રીવા.

હે સુન્દર, માનવના આત્મા પરે શાપ તું નિષ્ઠુર,
ઉત્સવ શાં ઝંખવતાં પ્રજ્વલિત નેત્રો તારાં ક્રૂર
શ્વાપદોએ છાંડ્યાં ચીંથરાંને છોને કરે ભસ્મ!

# રાક્ષસી

પ્રાચીન એ યુગે જ્યારે પ્રકૃતિ પ્રમત્તરતિ
પ્રતિદિન જન્મ દેતી અસુર વિરાટકાય સન્તતિ,
દાનવતરુણી સંગે કર્યો હોત ત્યારે સહવાસ,
કામુક બિડાલ સમ બેઠો હોત રાણીનાં ચરણ પાસ.

મુગ્ધ થઈ જોઈ હોત કાયા સાથે વાસનાને થતી કુસુમિત,
ભીષણ ક્રીડાએ સ્વૈર જોયાં હોત ગાત્ર પ્રસારિત;
રાચ્યો હોત સુખદ હું તર્કે જોઈ સજલ બે નયનો આવિલ:
છુપાવીને પોષી છે કરુણ જ્વાલા હૃદયે ધૂમિલ?

અલસ પ્રમત્ત બની કર્યું હોત અંગાંગે ભ્રમણ,
વિરાટ જાનુતણા એ શિખરે મેં કર્યું હોત આરોહણ;
રોગિષ્ઠ સૂરજ એને પીડે જ્યારે નિદાઘને દિને
આલુલાયિત એ પોઢે શ્રાન્ત કો વિસ્તીર્ણ પ્રાન્તે;

હું ય લેટી ગયો હોત નિરાંતે એ ઉત્તુંગ સ્તનની છાંયે
લેટ્યું હોય વિશ્રમ્ભે કો ગ્રામ જેમ ગિરિતળેટીએ.

# સુન્દરતા સ્તવન

સુન્દરતા, જન્મ તારો અગાધ શું નભે?
અતલ પાતાલથકી પામી તું ઉદય?
નેત્ર તારાં નારકી ને દૈવી વિતરે છે સાથે
શુભ ને અશુભ; તેથી તું છો મદતુલ્ય.

તારાં નેત્રોમહીં વસે સન્ધ્યા અને ઉષા,
ઝંઝામત્ત પ્રહર શી વિખેરે સૌરભ;
તારાં મુખતણો જામ ચુમ્બને ઢાળે ઔષધિનો રસ,
વીરનું પ્રકમ્પે તનુ, શિશુ ચહે કરવા સાહસ.

નારકી ગહ્વરે તારો વાસ કે તું અવતરી નક્ષત્રોથી?
મન્ત્રમુગ્ધ દેવ તને અનુસરે કો શ્વાનની જેમ,
સ્વેચ્છાએ તું વાવે બીજ આનન્દ ને વિનાશનાં,
નિમન્ત્રણ તારું બધે, કિન્તુ તું ના કોઈને આધીન.

હે સુન્દરી, મૃતને ચરણે ચાંપી ચાલી જાય કરી અવહેલા,
આતંક તો વક્ષે તારે કૌસ્તુભ શો ઝૂલતો દીસે છે સદા;

જિઘાંસા છે તને અતિ પ્રિય અલંકાર,
દર્પપૂર્ણ નાભિપરે કામુક એ કરે થૈથૈકાર.

ધસી જાય પતંગિયાં વારી જઈ, તને માની શમા,
બળી જાય ને છતાં ય અભિવાદે: ‘ધન્ય દીપશિખા!’
કમ્પમાન પ્રિયતમ પ્રસારતો અંગ જ્યારે પ્રિયતમા પરે
મુમૂર્ષુ કો આલંગિતો ચિતાને ના હોય જાણે!

હે સુન્દરી! જનમી હોય સ્વર્ગમાં કે નરકમાં ભલે,
વિરાટ ને ભયાવહ રાક્ષસી નૈપુણ્યવતી!
નયનો ને સ્મિત તવ, ને ચરણ તારાં
અજ્ઞાત કો અસીમનાં ખોલે દ્વાર, જેને ચાહું સદા.

# મલબારની કન્યાને

તારા કર જેવાં સુકુમાર છે ચરણ તારાં,
પૃથુલ જઘન તારાં જોઈ બળે ચપલ ગૌરાંગી સુધ્ધાં;
શિલ્પી ઉરે વસી જાય મધુર દુલારી તારી કાયા,
એથી ય કાળવી તારી મખમલી આંખતણી માયા.
ઉષ્ણ હવા, નીલ નભવાળા દેશે જન્મ દીધો વિધાતાએ તને,
દાસી તું ત્યાં, હુક્કો ભરે શેઠનો ને કૂજામાં શીતળ જળ;
સુગન્ધી ધૂપ ત્યાં બાળે, મચ્છરોને શય્યાથકી ભગાડી દે દૂર;
ઉષા જ્યારે કરી દિયે વૃક્ષરાજિ સંગીતમુખર
દોડી જાય બજારે તું ખરીદવા કેળાં અનેનાસ;
ભટકે દિવસ આખો અહીંતહીં તું ઉઘાડે પગે
કો ભુલાયા ગીતતણા સૂર ગૂંજે મને.
પસારી પાલવ લાલ સાંજ જ્યારે ઢળે
નરમ ચટાઇપરે તું ય ત્યારે તારી કાયા ઢાળે.
વહ્યે જતાં સ્વપ્ન તારાં પંખીના કૂજને છલકાય,
લાલિત્ય ને કુસુમથી તારી જેમ એ ય શાં સોહાય!
સુખી બાળા! શાને જોવા ઇચ્છતી તું ફ્રાન્સ દેશ મારો,
ખદબદે લોક જ્યહીં દારુણ યાતનાભર્યા, ક્યાંય નહીં આરો!

તારી વ્હાલી આમલીની છોડીને નિબિડ છાયા
નાવિકોના ભુજબન્ધે શાને સોંપે તારી કાયા!
પાતળી મસ્લિને માંડ ઢાંકી અંગ ધ્રૂજતી તું હિમવરસાએ,
પેટભરી ઝૂરશે એ નિષ્કલંક મધુર આળસભરી જિન્દગીને કાજે!
કસીને બાંધેલું ક્રૂર વસ્ત્ર તારા પીડશે રે સ્તન,
પેરિસના પંકિલ ખર્પરમહીં આરોગશે જ્યારે તું ભોજન.
સંમોહક અદ્ભુત આ અંગતણી સુવાસનો કરશે વિક્રય,
વિષાદે વિચારે મગ્ન ધુમ્મસને ભેદીને નયન દ્વય.
લુપ્ત નારિયેળી તણા પ્રેમતણી છાયા દૂરે
જોઈ નહીં રહેશે શું મીટ માંડી ત્યારે?

# દૂરદૂરની સુવાસ

પડ્યો હોઉં બંને આંખો બીડીને હું હેમન્તની હૂંફાળી કો સાંજે
માણતો સુવાસ તારાં પીન ને ઉત્તપ્ત સ્તનતણી,
જોઉં ત્યારે પુલકિત પુલિન વિશાળ,
એકધારા વરસતા સૂર્યતણા પ્રકાશે પ્રોજ્જ્વલ.

આલસ્યસભર દ્વીપ,
રસાળાં ફળો ને વૃક્ષો વિરલ જ્યાં બક્ષે છે નિસર્ગ;
પુરુષો જ્યાં કૃશતનુ ને સશક્ત,
નારીનાં નયન વળી પારદર્શી ને પ્રગલ્ભ.
તારી સુવાસનો દોર્યો પ્હોંચી જાઉં એવા સ્થળે
ભૂરકી નાંખે ત્યાં હવા;

જોઉં કો બંદર –
શઢ અને કૂવાથંભતણું શું જંગલ!
ખારાં એનાં મોજાં હજી ચચરે છે આંખે.
અહીંની હવામાં વહે લીલી આમલીની વાસ,

નાવિકોનાં ગીત ભળી જતાં એની સાથ
વ્યાકુળ વ્યાકુળ મારા પ્રાણ!

# હજી નથી ભૂલ્યો

હજી નથી ભૂલ્યો એને –
નગરની અડોઅડ ઘર આપણું એ
નાનું શું એકાકી;
શ્વેત અને નિસ્તબ્ધ;
પ્રોમોના પ્લાસ્ટરે ઘડી, વળી એક સ્થવિર વિનસ
આછાં ઝાંખરાંથી ઢાંક્યો નગ્ન એનાં અંગોનો આભાસ
અને સૂર્ય, સાંજવેળા બારીએ કો જલધોધ સમો
ધોધમાર, ચૂર્ણ થઈ વરસતો પ્રજ્વલિત કિરણોએ;
કુતૂહલભર્યા નભતણું વિસ્ફારિત નેત્ર –
જોઈ રહેતો આપણું એ સાંજનું નિશબ્દ ખાણું –
બનાતના પડદાઓ, મેજ પરે પાથરેલું વસ્ત્ર ફાટ્યું,
દીપિકાની જ્યોત જેમ અજવાળી દેતો જાણે!

# સુન્દરતા

સુન્દર હું, જુઓ માનવી ભંગુર, પાષાણનું સ્વપ્ન જાણે!
સ્તન મારાં, ચૂર્ણ થયાં કાંઈ કેટલા ય જેના વડે,
પ્રેરે પ્રેમ કવિના હૃદયમહીં શાશ્વત ને મૂક
જડ પદાર્થના જેવોઃ નિશ્ચલ, અનન્ત.

દુર્ગમ સ્ફિન્ક્સની જેમ નીલિમાના સિંહાસને બેસું,
હિમ શા હૃદય જોડે ભેળવું હું હંસતણી શુભ્રતા
રખે રેખાભંગ કરે એવા ભયે તિરસ્કારું ચંચલતા
કદિ ય ના આંસુ સારું કે ના કદિ વેરું સ્મિત.

ઔદ્ધત્યની ભંગિમાને જોઈ મમ
– શીખી જે હું પૂતળાંઓ પાસે –
કવિઓ જીવન ગાળે કેળવવા એને!

કારણ કે ભોળવવા આજ્ઞાંકિત પ્રેમીઓને
આ રહ્યાં નયન મારાં પારદર્શી ને વિશાળ
– વિશુદ્ધ દર્પણ જેમાં લસી ઊઠે સહુ કાંઈ.

# કેશરાશિ

કશો કેશરાશિ, ગ્રીવા પરે વહી જાય એની વીચિમાળા,
અલકલટોની કશી અલસ મધુર ઘન સૌરભની ધારા;
અહો કશો હર્ષાવેશ! છાયાઘન મંડપ પ્રણયતણો
તારા કેશગુચ્છે લુપ્ત સ્મૃતિથકી ખચી દઉં રાતે
પવનમાં ધરી એ ફરકાવું, ફરકાવે જેમ કો રૂમાલ.

એશિયાનો અલસ વિલાસ વળી આફ્રિકાનો આતપ પ્રખર
સુદૂરે રહ્યું કો વિશ્વ, અદૃશ્ય ને લુપ્તપ્રાય
સુવાસે પ્રમત્ત તુજ કુન્તલના ગહન અરણ્યે લહું,
કોઈનાં હૃદય ઝૂલે સંગીતના દોલે
પ્રિયે! તેમ હૈયું મારું, વહી જાય સુવાસ સાગરે.

જઈશ હું, એવા દેશે જ્યહીં માનવ ને વૃક્ષ,
લસલસી રહે રસે, ઉત્તેજક તપ્ત હવા કરે જ્યાં વિવશ,
ઘન કેશગુચ્છ બનો ઊર્મિરાશિ, વહી જાઉં દૂરે, અતિ દૂરે
અબનૂસના સાગર! આંજી દે તું સ્વપ્ન મારી આંખેઃ
કૂવાથંભ, શઢ, દ્યુતિ ને ખલાસી – સહુ થાય એકાકાર.

ધ્વનિ પ્રતિધ્વનિ થકી ગાજી રહેતું બંદર કો જ્યહીં મારા પ્રાણ
સુગન્ધ સૂર ને વળી વર્ણતણી વીચિમાળાતણું કરે પાન;
સરી જાય નૌકાઓ જ્યાં સોનેરી ને બહુરંગી રેશમના સ્રોતે
શાશ્વત દ્યુતિએ તપ્ત થરકતું વિશદ આકાશ
એને આલંગિવા પ્રસારે છે દીર્ઘ બાહુપાશ.

કાળાં આ સાગરજળે – જેમાં બંદી થઈ રહ્યો બીજો કો સાગર,
ઝબકોળું શિર મારું ચકચૂર નશામહીં સદા ય પાગલ;
સૂક્ષ્મરુચિ મન મારું પામીને દુલાર તારાં ઊછળતાં મોજાંઓનો
નહીં ભૂલું પડે કદી, અચૂક એ ખોળી લેશે તને
– મધુર સુગન્ધે મત્ત અલસ ઐશ્વર્યતણું હાલરડું જાણે.

નીલ કેશ, છાયાતણો તાણ્યો તમ્બૂ! ધરી દિયે મને
ગગનનો ગોલક વિશાળ પૂર્ણ, નીલ જેની ઝાંય
કુટિલ અલકતણા રોમાંકુર કોમલ આ ગ્રીવાતટે
કોપરેલ કસ્તુરી ને ડામરની મિશ્ર ગન્ધે
મત્ત બની જાઉં છું હું બધું ભૂલી ભાન.

કેટલાય દિન સુધી, સદાકાળ મારો હાથ તારા કેશગુચ્છે
વિખેરતો રહેશે પન્ના, મોતી, માણેક ને હીરા
પછી તો તું સુણીશ ને કામનાનો સાદ? ને ના થશે ને બધિર?
તું તો મારો રણદ્વીપ, પડ્યો પડ્યો જોયાં કરું સ્વપ્ન
તું તો સ્મૃતિમદિરાનો જામ મારો, ઘૂંટે ઘૂંટે થાઉં મગ્ન.

# સ્તોત્ર

પ્રિયતમા, ચરમ સુન્દરતમા!
દ્યુતિથકી પરિપૂર્ણ કરતી હૃદય,
પ્રતિમા અમૃતમયી, અયિ દિવ્યા;
તને અમરાને કરું નમસ્કાર.

વ્યાપી જાય જીવને તું બાલે,
સાગરની લહર લવણભરી જાણે,
ક્ષુધાર્ત આ પ્રાણે મારે
ઢાળી દિયે શાશ્વતીની ધારા.

અક્ષય સૌરભતણો સંચય તું,
સુવાસિત કરી દિયે મારું પ્રિય સ્થાન;
ભુલાયેલી ધૂપસળી સમી પ્રિયે!
ગુપ્ત રહી ગન્ધવતી કરે રાત.

અનિન્દ્યા અવચનીયા પ્રિયતમા,
શી ભાષાએ વર્ણવું હું તને?

કસ્તુરીના કણસમી લુપ્ત તું તો
શાશ્વતના મર્મસ્થાને મમ.

શુભતમા ચરમ સુન્દરતમા,
આનન્દ ને સ્વાસ્થ્યતણી દાત્રી;
પ્રતિમા અમૃતમયી, અયિ દિવ્યા,
તને અમરાને કરું, નમસ્કાર.

# સ્વગતોક્તિ

ધૈર્ય ધર હે વિષાદ મમ, જરા થાને સ્વસ્થ
સન્ધ્યાની તુ રાહ જુએ? આવી લાગી એ તો જોને નભે.
ધૂસર કો આચ્છાદન ઢાંકી દિયે નગરીને
કોઈકને દિયે શાન્તિ, કોઈકને કરે ચિન્તાગ્રસ્ત.

લોકડિયાંતણાં ટોળાં હાંકી જાય આમોદપ્રમોદ –
નિષ્ઠુર જલ્લાદ જાણે ચાબુકના ફટકારે!
દાસ સહુ રંજનના, લણે નર્યો પશ્ચાત્તાપ
ઝાલ મારો હાથ હે વિષાદ, ચાલ દૂર અહીં થકી.

જોને પણે સ્વર્ગતણે ઝરુખેથી ઝૂકી રહ્યાં વીત્યાં વર્ષ,
કેવાં જીર્ણ વસ્ત્રો એનાં, ઊપટી ગયો છે રંગ
અનુશોચના જ્યાં ધારી સ્મિત હોઠે જળ થકી ઊંચકે છે શીશ,
મુમૂર્ષુ આ સૂર્ય ઢળી પડે અહીં તોરણની નીચે
ઓઢાડતું હોય જાણે કફન કો પૂર્વાકાશે
સુણ પ્રિયે, એમ હળુ ઢળી આવે રાત હવે.

# હેમન્ત

ક્રુદ્ધ ઝંઝાવાતસમું હતું રે યૌવન મમ,
અહીં તહીં ભેદાયેલું પ્રખર સૂર્યના તેજે
વૃષ્ટિ અને વજ્રાઘાતે છિન્ન કર્યું એવું તો ઉદ્યાન
થોડાં માત્ર બચી શક્યાં રતુમડાં પાકાં ફળ.

બેસવા આવી છે મારા મનની હેમન્ત
કોદાળી પાવડો લઈ મંડી પડું હવે.
પાણીમહીં ધસી પડી જમીનનો કરવો ઉદ્ધાર,
કબરો શા ઊંડા ખાડા પડ્યા કેવા અહીં તહીં!

જે નૂતન ફૂલો જોઉં સ્વપ્નમાં હું નિરન્તર
સમુદ્રતીરના જેવી પ્લાવિત આ ભૂમિ પર
પામશે પોષણ અને બનશે શું સામર્થ્યે સભર?

વિષાદ! વિષાદ અરે! કાળતણું ખાદ્ય આ જીવન,
અદશ્ય એ શત્રુતણા દન્તદંશે હૃદય કોરાય,
આપણાં જ વહી જતાં શોણિતથી એ શો પુષ્ટ થાય!

# શૂન્યની ઝંખના

અનાશ્વસ્ત પ્રાણ મારા, એકદા સંઘર્ષે હતો હર્ષ તને;
આશા એડી મારી દોડાવતી દ્રુત વેગે;
એ ના હવે પલાણવા ચાહે તને, બેસી પડ છોડી લાજ,
પદે પદે ઠોકરાતા જીર્ણ અશ્વ! લંબાવી દે તારાં અંગ.
પોઢી જા હૃદય મારા, પશુ જેમ નંદિરના ઘેને.

પરાજિત ક્લિન્ન પ્રાણ, હવે તારે સરખું બધું યઃ
સમ્ભોગનો આનન્દ કે દલીલની પટાબાજી.
વદાય હે કાંસ્ય ગાન, બંસરીના કરુણ નિઃશ્વાસ!
પ્રલોભન પ્રમોદનું નહિ, મગ્ન વિષાદે જે ચિત્ત તેને.

વસન્ત આદરણીય, ખોઈ બેઠી સૌરભસમ્પદ્!

ક્ષણેક્ષણે ઘેરી વળી ખેંચી જાય ગર્તે મહાકાળ,
અવિરત હિમપાતે લુપ્ત થાય જેમ કાષ્ઠ સમું શબ;
ઊર્ધ્વથકી નિહાળું આ પૃથિવીના ગોલકને
વાસ કરવાને હવે કુટીરનો શોધું ના આશ્રય.
હે હિમપ્રપાત! ખેંચી લેને મને તવ ધ્વંસ સાથે!

# પ્રેમીઓની મદિરા

આજે કેવો અદ્‌ભુત આ લાગે અવકાશ!
પેંગડા લગામ જિન વિના ચાલો પલાણીએ
અશ્વ સમ મદિરાને પૂરપાટ હાંકી પહોંચીએ
દૂરે દૂરે અલૌકિક સ્વર્ગલોકે.

નિષ્ઠુર સાગરજ્વરે પીડિત કો દેવદૂતયુગ્મ સમ!
આપણે બે નીકળીએ શોધવાને દૂરે દૂરે
પ્રભાતના નીલ સ્ફટિકના પાત્રે
તગી રહે જે મરીચિકા સદા તેને,

ચક્રવાતતણી પાંખે ધીમે ઝૂલી ઝૂલી
સમાન્તર વાસનાએ પ્રેર્યાં આપણે બે
સેલારા મારતાં જશું સાથે સાથે.

ઊડ્યે જશું દૂર ક્યાંક વણથંભ્યાં –
આરામ કે વિશ્રામની વાત કશી!
સ્વપ્ને ઝંખ્યાં એ વૈકુણ્ઠધામે.

# સન્ધ્યા

આવે આ મોહક સન્ધ્યા, દુર્જનોની સખી,
કાવતરું રચવાને આવે જાણે ધીમે ચોર પગે.
મોટા કો મણ્ડપ સમું આકાશ આ બીડાઈ જો જાય,
અધીર માનવી સરે પશુત્વનો કરી અંગીકાર.

મધુર હે સન્ધ્યા, તું છો ઇષ્ટ સહુ શ્રમિકને
જેના હાથ સાચે કહી શકે: શ્રમ કર્યો આજે અમે!
રાક્ષસી વેદનાતણું ભક્ષ્ય જેઓ તેનું તું સાન્ત્વન શીળું
વિદ્યાભારે નતશિર પણ્ડિતનું તું છો આશ્વાસન.
દિવસના પશુશ્રમ પછી ભાંગી કમરે જે પાછો ફરે
નિજ ઘરે શય્યાભણી તેનું તું વિશ્રામસ્થાન.

પણ હવામહીં હવે વરતાય કઢંગા આકાર,
ધૂર્ત પિશાચોની કશી ચાલી આવે વણઝાર
અથડાય જાળી સાથે પછડાઈ ઠોકે દ્વાર.

પવનથી થરકતી ગેસના દીવાની જ્યોતે
વેશ્યાઓ રંગીન વેશે ઝગમગે ગલીગલી,

પ્રવેશ ને ગમનનાં દ્વાર જેનાં ખૂલ્યાં સર્વ
એવો કીડીઓનો કોઈ રાફડો ના હોય જાણે!
શત્રુ કોઈ મારવાને છાપો ઓચંતિાનો રચે ગુપ્ત વ્યૂહ
તેમ એઓ ગુપચુપ બિછાવતી જાળ બધે.

નર્યા કર્દમથી ભર્યા નગરે એ કીટસમ ફરે
માનવીની છેતરી નજર ધીમે લપાઈને એનું ભક્ષ્ય કોરે.

અહીંતહીં રસોડામાં સંભળાય વરાળની સીટી
થિયેટરોનો ઘોંઘાટ વાદ્યોતણો ગણગણ નાદ.

સસ્તી સહુ હોટલોમાં જામે જુગારીના અડ્ડા,
વેશ્યાઓ ને એના ધૂર્ત દલાલોનાં વળે ટોળાં;
એની ભેગા ભળે ચોર નિર્દય ને ઉદ્યમી સદાયના,
આરંભશે કાર્ય એનું સિફ્તથી ખોલી દ્વાર
તોડશે તિજોરી, કરી લેશે જોગવાઈ દિન ચાર,
સજાવશે ઢીંગલીને વાઘા જેના પોતે બન્યા યાર.

ખૂંપી જા તું, સરી જા તું, ઊંડે ઊંડે હે હૃદય મમ
સુણીશ ના કિકિયારી, રૂંધી દે તું કર્ણદ્વાર
ભયંકર આ પ્રહરે વિફરે છે દર્દ રોગીઓનું
નિરાનન્દ નિશા એનું ઘૂંટી નાંખે ગળું
નિયતિ ઘસડે એને અન્તભણી, નહિ કો ઉપાય
તોળાઈ રહે સર્વગ્રાસી પાતાળની ધારે.

હોસ્પિટલ છલકાય એના નિસાસાએ –
એકાદ જ એમાંનો ફરશે પાછો હેમખેમ ઘરે

દેવતાની હૂંફે બેસી પ્રિયજન પાસે આરોગશે
ઢળતી કો સાંજે ખાણું સુવાસભર્યું ને સ્વાદુ

કેટલાં તો બિચારાં ના કદી પામ્યાં ઘરનું આશ્રયસુખ
જીવવું કહેવાય કોને એની ય ના એમને કશી સુધ!

# એકરાર

એક વાર, માત્ર એક વાર અયિ, મૃદુ નારી!
હેલયા ઝૂકીને રાખ્યો હતો તારો મસૃણ આ કર
મારા કર પરે; તો ય એની સ્મૃતિ હજી
ઝાંખી થઈ નથી સ્હેજે, ઝગ્યા કરે હૃદયના અન્ધકારે.

દિવસનો અન્તિમ પ્રહર, નવા ઢાળ્યા ચન્દ્રકના જેવી
ચન્દિરાની પૂર્ણ કાન્તિ લસતી'તી નભે
સૂતેલા પેરિસ પરે નદીના પ્રવાહ જેમ
રાત્રિની ઐશ્વર્યધારા અસ્ખલિત વહેતી હતી જાણે!

સરવા રાખીને કાન ચોરપગે બિલાડીઓ આવે જાય,
ઘરનાં છાપરાં પરે, બારણાંની આડશે લપાય,
મૃત પ્રિયજનો તણાં પ્રેમતણી છાયા જાણે
ગુપ્ત રહી અનુસરે આપણને ખૂણે ખૂણે.

આપણી એ આત્મીયતા સહજ મધુર
ધૂંધળા પ્રકાશમહીં બની હતી પ્રગલ્ભ ને પુષ્ટ

સહસા ત્યાં તારે કણ્ઠે (તું તો વીણાઝંકાર સમૃદ્ધ
આનન્દના દ્યુતિ સ્પન્દે રણકી રહે તાર તારા

પ્રભાતવેળાએ આવે તૂર્યનાદ ભેદી વનભૂમિ
એના જેવી આનન્દે પ્રપૂર્ણ ઉચ્છલ પ્રાણસ્રોતે)
સરી જાય અહ કશી વિષાદની આછી હાય
લથડતી લંગડાતી ચાલી જાય કરી અસહાય.

કોઈ રુગ્ણ શિશુ સમી, ઘૃણાસ્પદ, કુબ્જાકાય
માતાપિતા શરમનાં માર્યાં જેને લપાવી દે ક્યાંય
કોઈ ગુપ્ત કોટડીમાં, વરસોથી કાઢે ના બહાર
જેથી નજરે ના ચઢે દુનિયાની એ અભાગી બાળ!

# સંવાદ

પ્રકૃતિ મન્દિર એક, જીવન્ત આ સ્તમ્ભરાજિ એની
કદી કદી ધ્વનિત કરે છે કશો અસ્પષ્ટ સંલાપ!
માનવી વિહાર કરે પ્રતીકોનાં વનમહીં અહીં,
વન પણ નિરખી રહે પરિચિત નયનથી એને.

પ્રલમ્બિત પ્રતિધ્વનિ જેમ ભળે જઈ દૂર દૂરે
ગહન ને ઘન કશા અન્ધકારે થાય એકાકાર;
રાત્રિ શા વિશાળ અને પ્રકાશ શા વ્યાપ્ત
વર્ણ ગન્ધ અને સૂર વચ્ચે ચાલતો સંવાદ.

કોઈક સુગન્ધ શીળી મૃદુ જાણે શિશુતણી કાયા,
વાદ્યતણા સૂર શી મધુર કોઈ, હરિત કો ખેતર શી;
અને અન્ય ઐશ્વર્યથી પૂર્ણ, કલુષિત ને પ્રભાવશાળી.

વિસ્તારી દે આ દિગન્ત અનન્તનો અસીમ પ્રસાર,
અમ્બર કસ્તૂરી ધૂપ લોબાનની જેમ,
ગુંજી રહે ઇન્દ્રિય ને હૃદયનું હર્ષગાન.

# એકરાર

સ્વર્ગભ્રષ્ટ અપ્સરા હે, સૂર તારો કર્કશ વિશદઃ
‘નથી કશું નિત્ય સ્થાયી અહીં પૃથિવી પે
છોને ઢાંકે મોહક કૈં છદ્મવેશે માનવી સદાય
સ્વાર્થાન્ધતા કિન્તુ એની ઢંકાય ના, એ તો છતી થાય!

‘સૌન્દર્યસામ્રાજ્ઞી થવું, કેવી કપરી છે વાત,
પણ્યાંગનાતણા પરિશ્રમસમું વિફલ એ સાવ!
ઉષ્માહીન નૃત્યે ખાઈ ઘૂમરડી ઢાળે કાય
યન્ત્રવત્ ફરકાવે તો ય મુખે સ્મિત એ સદાય.

‘માનવીનું ઉર, એમાં માળો તે બંધાય?
મૂઢ તો ય એમાં વાસો કરવાને જાય!
પ્રેમ અને સુન્દરતા – બધું ય ભંગુર અહીં
વિસ્મૃતિ સંચિત કરે, લુપ્ત થાય શાશ્વતના શૂન્યે!

હજી ય હું સ્મર્યા કરું ચન્દ્રિકા એ માદક મોહક,
ઘેરી લેતો આપણને નિસ્તબ્ધ ને અલસ એ પરિવેશ;

ભયંકર એકરાર, કર્કશ ઉચ્ચાર એનો
કર્યો'તો તેં હૃદયના નિગૂઢ મર્મસ્થાને.

# આભરણ

આવરણમુક્ત હતી મારી પ્રિયા, હૃદયની
જાણી વાસનાને, રણઝણ આભરણે એણે
માત્ર ઢાંક્યાં અંગ; એની કાન્તિ સમુજ્જ્વલ
ગર્વભરી મૂર બાંદી શા સોહાગે સોહે.

આંખને ઝંખવે રત્નો, ધાતુ અતિ મૂલ્યવાન
ચંચલ ઝંકાર એનો તીક્ષ્ણ અને વ્યંગપૂર્ણ
હર્ષાવેશે કરે મુગ્ધ. ઉન્મત્ત બનીને ચાહું
દ્યુતિ અને ધ્વનિ તણો સંકુલ સંશ્લેષ,

મારા અનુનય પ્રતિ બનીને સદય, શય્યા પરે
અલસ કાયાને ઢાળી, નિહાળીને કામાવેગ
સમુદ્ર શો શાન્ત અને અતલાન્ત, તરંગ ઉત્તુંગ જેના
આશ્લેષવા ચહે, વેરે સ્મિત વિજયિની.

પાળેલ વાઘણ જેમ પાલકના દષ્ટિપાતે સ્તબ્ધ બની જુએ
તેમ મને જોઈ રહી આંખ ઠેરવીને, કદી શૂન્યમને

કદી સ્વપ્નમગ્નભાવે; ધૃષ્ટતા ને નિર્દોષતા
એક સાથે ધારે શી નવલ મુદ્રા મોહક વેધક.

સ્વસ્થ ને વિશદ મારાં નયન નિહાળી રહે:
આયત ચરણદ્વય પ્રશસ્ત નિતમ્બ અને પૃથુલ જઘન
તૈલ જેવાં મસૃણ ચિક્કણ અને દોલાયિત જાણે હંસ
ઉદર અને સ્તન એનાં – ઉદ્યાનનો દ્રાક્ષપુંજ મમ!

ધસી આવે મારા ભણી દુષ્ટ કો સેતાન જેમ
દુર્દમ્ય પ્રભાવ એનો વિસ્તારવા ચાહે
વિશ્રબ્ધ તલ્લીન મારા હૃદયને કરી દે વિક્ષુબ્ધ
સ્ફટિકના સિંહાસને એકાન્તે આસીન – તેને કરે પદભ્રષ્ટ.

એન્તિઓપિના નિતમ્બ ને કબંધ કિશોરનો –
એકમાંથી બીજું અંગ એવું ખીલી ઊઠે જાણે
વાસનાએ પોતે નહીં ઘડ્યું હોય નવું ક્રીડનક!
બદામી ને સ્નિગ્ધ એની ત્વચા પરે દીપી ઊઠે કશી લાલી!

હોલવાઈ દીપજ્યોત મરણશરણ થઈ અન્તે!
અગ્નિશિખા માત્ર રહી દ્યુતિમાન એ વાસરકક્ષે
જ્યારે જ્યારે શિખા કૂદી દીર્ઘ શ્વાસ નાખે
ત્યારે ત્યારે અમ્બરવરણી કાયા લોહી થકી લસી ઊઠે.

# વિરતિ

હજારેક વરસ ના જીવ્યો હોઉં જાણે
ખડકાઈ હૃદયમાં સ્મૃતિઓ અસંખ્ય
હિસાબની ખાતાવહી, કાપલીઓ કવિતાની,
પ્રેમપત્રો, કોરટના કામકાજતણા દસ્તાવેજ,
સસ્તી પદ્યકથા, વળી રસીદમાં વીંટાળેલા કેશ –
આ બધાંથી ખીચોખીચ ભરેલા કો પટારાથી વધુ
છુપાવે છે રહસ્યોને અભાગી મસ્તક મારું.
પિરામિડ એ છે જાણે, કે કો મોટું કબ્રસ્તાન,
દટાયાં મુડદાં એમાં જેટલાં ના ક્યાંય કો સ્મશાને.
ચન્દ્ર પણ કરે અવહેલા, વળી કીટ ખદબદે
જે છે મને પ્રિય તેને ભક્ષી પુષ્ટ બને,

ગતયુગતણું છું હું કોઈ વસ્ત્રાગાર
કરમાયાં પુષ્પો તણી પુરાઈ રહી છે જેમાં વાસ
અહીં તહીં ફેંકાયાં છે વસ્ત્રો જેમાં જર્જરિત
બંધ કો સુગન્ધી દ્રવ્ય તણા પાત્ર જેવો.

નથી કશું દીર્ઘ અરે ખોડંગાતા પંગુ દીન સમ
રુષ્ટ ઔદાસીન્યતણા પરિપક્વ ફળસમી વિરતિ
હિમાક્રાન્ત સમયથી જ્યારે બને શાશ્વતી કો સમા.

આજ થકી હે પદાર્થ પ્રાણવન્ત, જોઉં તારું રૂપ
જાણે કોઈ શિલાખણ્ડ અજાણ્યા કો ભયે છન્ન
ધૂસર સહારા નીચે ડૂબેલી ઉદાસ જીર્ણ સ્ફિન્ક્સ
ઉદાસીન વિશ્વને અજાણ, નહીં નક્શામાં જેને સ્થાન
સૂર્યાસ્તના રંગે માત્ર ગાય જે વિષણ્ણ ગાન.

# વસન્ત

પંખી આવી પહોંચ્યું છે
પ્રકાશ આપવા,
એના દરેક ટહુકામાંથી,
જળ જન્મે છે.

અને હવાને ઊખેળતાં જળ અને પ્રકાશ વચ્ચે
હવે વસન્તનો મંગળ પ્રારમ્ભ થઈ ચૂક્યો છે.
હવે બીજને પોતાનાં પાંગરવાનું ભાન થઈ ચૂક્યું છે;
હવે મૂળ પુષ્પદલ પર બિરાજે છે,
આખરે પુષ્પરજનાં પોપચાં ખૂલ્યાં છે.

આ બધું સિદ્ધ કર્યું એક સાદાસીધા પંખીએ
એક લીલી ડાળ પર બેઠાં બેઠાં.

# શાહેદી રજૂ કરો

...પણ માણસને વિશે જ સવાલ ઊભો થયો છે! તો એ માણસનો પોતાનો પ્રશ્ન ક્યારે બનશે? – આ દુનિયામાં કોઈક તો પોતાના અવાજને બુલંદ બનાવશે? કારણ કે માણસને વિશે જ શંકા ઊભી થઈ છે, એની માનવીય ઉપસ્થિતિમાં; અને એની અંદરના ગર્વીલા વિશાળ સાગરો પરના એના દષ્ટિના પ્રસારમાં.

ત્વરા કરો! ત્વરા કરો! માણસને માટે શાહેદી રજૂ કરો!

અને કવિ પોતે એનાં હજાર વર્ષોના મહાલયમાંથી બહાર આવે છે.

માટી ખોદતી ભમરી અને રાત્રિના રહસ્યમય અતિથિ સાથે એના અનુચરો અને અનુયાયીઓનાં ટોળાં સાથે; કૂવા ખોદનાર, અને જ્યોતિષી, કઠિયારો અને મીઠું પકવનાર, મોચી, શરાફ, ‘મરકીથી માંદું પ્રાણી.’

‘ચંડોળ અને એનું બચ્ચું અને ખેતરનો માલિક’ અને ‘આસક્ત સિંહ’, અને ‘વાનર, જાદુઈ ફાનસનો ખેલ બતાવનાર.’

...ધીરજ ધરનારા બધા માણસો સાથે, બધાં સ્મિત ધારણ કરનારાઓ સાથે, સમુદ્રના ગર્ભમાંનાં પ્રાણીને ઉછેરનારાઓ અને ભૂમિના ઉદરના જળને ખેડનારાઓ,

ગુફાઓમાં મૂતિર્ઓનો સંચય કરનારાઓ અને ભોંયરામાં ગુહ્યાંગોનું શિલ્પ કંડારનારાઓ.

મીઠું અને કોલસાઓના મહાન દ્રષ્ટાઓ, ખાણને તળિયે આકાંક્ષા અને ઉષાથી

મદમત્ત; બંદૂકની સંગીનના ખડકલા વચ્ચે ને યુદ્ધની છાવણીમાં વાજું વગાડનારાઓ;
ભવિષ્યકથન કરનારાઓના અડ્ડામાંના ભૂરકી નાખનારાઓ અને હવે પછી આવનારાં ટોળાંને દોરનારા ગુપ્ત નેતાઓ, કાતરિયામાં ક્રાન્તિના ખરીતા પર દસ્તખત કરનારાઓ,
અને કોઈનામાં સંશય જગાડ્યા વિના યુવાનોમાં સ્ફૂતિર્ પ્રેરનારાઓ, નવાં લખાણને ઉશ્કેરનારાઓ અને દૂર રહીને ઉત્તેજક દર્શનને ઉછેરનારાઓ...
નમ્રતાવાળા બધા માણસો સાથે, વિષાદના માર્ગ પર સ્મિત કરનારા બધા માણસો સાથે,
હદપાર થયેલી રાણીઓને છૂંદણાં છૂંદનારા, મોટી હોટેલોના ભંડારિયામાં મરવા પડેલા વાનરોનું પારણું ઝુલાવનાર, લગ્નસુખની સેજની કિનારે સીસાંનો ટોપો માથે ચઢાવીને બેઠેલા રેડિયોલોજીસ્ટ અને લીલાંછમ પાણીમાં વાદળી પકડનારા માછીમારો, આરસકન્યાઓ અને રોમની કાંસાની મૂતિર્ઓ સાથે પડખાં ઘસનારાઓ;
વનમાં બિલાડીના ટોપ અને કમળકાકડીને વાર્તા કહેનારા, યુદ્ધની સામગ્રી તૈયાર કરનારાં ગુપ્ત કારખાનાંઓ અને પ્રયોગશાળામાં સીટી બજાવનારાઓ,
અને ધ્રુવપ્રદેશની છાવણીમાંના કોઠાર સાચવનારા, બીવરના ચામડાની મોજડી પહેરનારા, શિયાળાના દીવાના સંરક્ષક અને મધ્યરાત્રિના સૂર્યના તેજમાં ગેઝેટ વાંચનારાઓ,
નમ્રતા ધારણ કરનારા બધા માણસો સાથે, ભૂલોનાં કારખાનામાં કામ કરનારા ધીરજવાળા બધા માણસો સાથે,
તોપના ગોળા છોડનારાં યંત્રો બનાવનાર ઇજનેરો, ખડકના પેટાળને ભેદી નાખે એવી તોપનાં મોઢાંવાળી જંગી ઇમારતો સાથે,
સુંદર સંગેમરમરનાં ટેબલો પર અટપટી ચાંપ અને કળ દાબનારા, જુદાં

જુદાં રાસાયણિક સ્ફોટક દ્રવ્યોને પારખનારા અને ઊડવાનો માર્ગ બતાવનાર નકશાને સુધારનારા,
દર્પણોથી ખચેલી પરસાળને છેડે સમસ્યાને શોધનાર ગણિતજ્ઞ, કપાળમાં કરચલી પડેલા ચહેરાવાળો બીજગણિતશાસ્ત્રી; દૈવી અનિષ્ટોને સુધારનારા, ભોંયરામાંના ચશ્મા બનાવનારા ને ફિલસૂફો, ચશ્માના કાચ ઘસનારા,
ઊંડા ગહ્વરોમાંના ને ખુલ્લા અવકાશમાંના બધા માણસો, મોટાં વાદિત્રોના આંધળા વગાડનારા ને ઊંચેના અવકાશમાં વિમાન હાંકનારા, પ્રકાશનાં ફોતરાંમાં કાંટાળા મોટા સંન્યાસીઓ,
અને રાત્રિએ ધ્યાન ધરનારા, તન્તુને અંતે સોજાથી ફૂલી ગયેલા કરોળિયા જેવા,
...એના અનુચરોનાં ટોળાં સાથે, એના અનુયાયીઓનાં ટોળાં સાથે ને એનાં પવનમાં ફરફરતા ચીંથરા સાથે,
હે સ્મિત, હે નમ્રતા,
કવિ પોતે જ આવીને ઊભો છે શતાબ્દીના ત્રિભેટા પર:
– માણસોના ધોરી માર્ગ પર એનું સ્વાગત હો, એનાથી સો વાર છેટે પવન નવાં ફૂટેલાં તૃણાંકુરને નમાવે છે.
કારણ કે માણસને વિશે જ સવાલ ઊભો થયો છે, એને ફરીથી અખણ્ડ કરવાનો.
દુનિયામાંથી કોઈ એનો અવાજ નહિ ઉઠાવે? માણસને માટેની શાહેદી... કવિને બોલવા દો, અને એની દોરવણી હેઠળ ચુકાદો આવવા દો.

‘(Winds’ના ત્રીજા ખણ્ડનો ચોથો સર્ગ)

# પાબ્લો નેરુદા

# ઘોડા

બારીમાંથી મેં ઘોડા જોયા

હું બર્લિનમાં હતો, શિયાળામાં.
પ્રકાશ હતો, પ્રકાશ વગરનો.
આકાશ હતું આકાશ વગરનું.

હવા હતી ધોળી ધોળી, ભેજથી ફુગાયેલા રોટલા જેવી
મારી બારીમાંથી દેખાતું હતું નિર્જન પટાંગણ,
શિયાળાના દાંતે કોતરી ખાધેલું વર્તુળ
ત્યાં એકાએક, એક માનવી દોરી લાવ્યો
દશ ઘોડા, બરફમાં ડાબલા પાડતા આવ્યા દશ ઘોડા.
હજી તો ભાગ્યે જ અસ્તિત્વમાં તરંગિત થયા હશે
અગ્નિશિખાની જેમ, ત્યાં તો એમણે ભરી દીધું
મારી આંખોનું સમ્પૂર્ણ વિશ્વ, અત્યાર સુધી હતું રિક્ત,
અણીશુદ્ધ, ઉજ્જ્વલ
એઓ ચાલી આવ્યા દશ દેવોની જેમ
પહોળી ચોક્ખી ખરીઓથી ડાબલા પાડતા.

લવણસિકરોના સ્વપ્નની યાદ આપતી એમની કેશવાળી
એમનાં નિતમ્બ – બે ગોલાર્ધો, બે નારંગી
અમ્બર અને મધના જેવો એમનો રંગ,
પ્રકટેલા અગ્નિ જેવો.
એમની ગ્રીવા તે ગૌરવની શિલામાંથી
કંડારેલા મિનારા
અને એમની ક્રુદ્ધ આંખોમાં સાક્ષાત્ શક્તિ
એ આંખોના કારાગારમાં રુદ્ધ.

અને ત્યાં, એ નીરવતામાં, મધ્યાહ્નને
એ મેલા, દુણાયેલા શિયાળામાં
ઘોડાની ઉત્કટ ઉપસ્થિતિ તે રક્ત
તે લય, અસ્તિત્વમાત્રને સંકેત કરતો જ્યોતિ,
મેં જોયું, જોયું અને જોતાં જોતાં સજીવન થયો.
ત્યાં હતો અજાણ ફુવારો, સુવર્ણનું નૃત્ય, આકાશ,
સુન્દર વસ્તુઓમાં ફાળ ભરીને સજીવન થયો અગ્નિ

બર્લિનનો એ ગમગીન શિયાળો મેં ભૂંસી નાખ્યો છે
એ ઘોડાઓમાંથી આવતા પ્રકાશને હું નહીં ભૂલું.

# શિશુનાં ચરણ

શિશુનાં ચરણને હજી ખબર નથી કે એ ચરણ છે,
એને હજી પતંગિયું કે સફરજન થવાનું ગમે છે.

પણ સમય જતાં પથરા ને કાચના ટુકડા,
શેરીઓ, સીડીઓ,
અને ખરબચડી ધરતી પરના રસ્તાઓ
એ ચરણને પઢાવે છે એ ઊડી નહીં શકે,
કે એ શાખા પરથી લચી પડતું ફળ નહીં થઈ શકે.

પછી શિશુનાં એ ચરણ
હારી જાય છે, યુદ્ધમાં
ઢળી પડે છે.
કેદી બને છે
જોડામાં પુરાઈને જીવવાની એને સજા ફટકારવામાં આવે છે.

ધીમે ધીમે, એ અંધારામાં,
એ દુનિયાને પોતાની રીતે ઓળખતા શીખી જાય છે,
એના સાથીથી વિખૂટું, પુરાયેલું.

આંધળાની જેમ જીવનને ફંફોસતું.
એ પોચા પોચા
ચકમક જેવા ચમકતા નખ
ભેગા ઝૂમખામાં ગુંથાયેલા
કઠણ બને,
અપારદર્શી પદાર્થમાં ફેરવાઈ જાય,
શીંગડાં જેવાં કઠણ બને.
અને શિશુનાં નાનકડાં પાંખડી જેવાં આંગળાં
કશી ગોઠવણી વિનાનું ઝૂમખું બની જાય
આંખ વગરના પેટે ચાલનારાં પ્રાણી જેવાં,
એનું ત્રિકોણાકાર માથું, જંતુ જેવા.
પછીથી, એઓ ગંઠાઈ જાય
મરણના ઝાંખા જ્વાળામુખીઓથી ઢંકાઈ જાય
પછી બરછટ બની જાય, એ સ્વીકારવું ગમે નહિ.
પણ એ આંધળાં અવિરત ચાલ્યા કરે,
કદી થંભે નહીં
એક ચરણ, પછી બીજું.
ઘડીમાં પુરુષનું,
ઘડીમાં સ્ત્રીનું.
ચઢાણ ચઢે
ઢોળાવ ઊતરે
ખેતરોમાં, ખાણમાં
બજારોમાં, સચિવાલયોમાં
પાછળ ખસે, અંદર વળે.
આગળ જાય.

આ ચરણ એના જોડામાં શ્રમ કરે
પ્રેમમાં કે નિદ્રામાં પોતાને અનાવૃત
કરવાની પણ એને ભાગ્યે જ તક સાંપડે;
એ ચાલે છે, બંને ચાલ્યા જ કરે છે,
માણસ આખો ઊભા રહેવાનું ઇચ્છે ત્યાં સુધી.
અને પછી એ ઊતરે છે
ભૂગર્ભમાં, અણજાણપણે,
ત્યાં તો બધું જ, બધું જ હોય છે નર્યું કાળું.
એને ખબર નથી કે
એ ચરણ મટી ગયું છે
કે એને જો કોઈ દાટી દે તો એ ઊડી જઈ શકે છે
કે એ સફરજન બની જઈ શકે છે.

# ગ્રહ

ત્યાં ચન્દ્રમાં જળની શિલાઓ છે?
ત્યાં સોનાનું જળ છે?
ત્યાં પાનખરનો રંગ કેવો છે?
દિવસો ત્યાં એકબીજામાં ગૂંચવાઈને
કેશના ગુચ્છા થઈને ઊખળી જાય છે?
પૃથ્વી પરનું ત્યાં શું શું જઈ પડે છે?–
છાપાં, શરાબ, હાથ, મૃત શરીરો?
ડૂબી ગયેલાઓ ત્યાં જઈને જીવે છે?

# ગમગીનીને

ગમગીની, મારે તારી કાળી પાંખ જોઈએ છે.
આટલો બધો સૂરજ, પોખરાજમાંનું આટલું બધું મધ
એક એક કિરણ હસે
ખેતરોમાં,
અને મારી ચારે બાજુ પુષ્કળ પુષ્કળ પ્રકાશ;
બધું ઊંચે હવામાં ગણગણતી મધમાખીના જેવું.
તેથી જ તો કહું છું
કે મને
તારી કાળી પાંખ આપ,
બહેન ગમગીની!
કોઈક વાર મને થાય:
નીલમનો પ્રકાશ હોલવી નાંખવો જોઈએ;
અને વરસાદની ત્રાંસી જાળ
પાથરી દેવી જોઈએ.
દરિયાની ખાડીમાં ભાંગીતૂટી
જીર્ણ નૌકાને જોવાનું મન થાય.
વળી જોવા ઇચ્છું

અન્ધકારમાંનું એ મોટું ઘર
અને મારી મા
પેરેફિન શોધતી,
દીવામાં પૂરતી;
નિસાસો નાંખ્યા વિના એ કદી
દીવો પ્રકટાવતી નહીં.

# રાતનો જનમ થતો નહીં

દિવસ સરી જતો
એના જ સ્થાનિક સ્મશાન ભણી,
અને, રોટલા અને પડછાયા વચ્ચે
મઢાઈ ગઈ છે મારી છબિ:
હું બારી આગળ ઊભો છું,
જે બનતું નથી તેના તરફ મીટ માંડી રહ્યો છું.
જળની કાળી પાંખ ઢળી આવે છે
મારા હૃદય પર
જેને કદાચ ત્યાં,
એ બારી આગળ જ, હું ભૂલી આવ્યો છું.
હવે હું એ કાળો પ્રકાશ
ખોઈ બેઠો છું.
મને તારું મન્થર ગતિએ વહેતું લોહી આપ,
શીતળ
વર્ષા,
તારો એ ભયંકર પ્રસાર આપ!
જીર્ણ થઈ ગયેલાં

એ બંધ બારણાંની
ચાવી મને ફરી સાચવવા આપ.
એકાદ ક્ષણ માટે,
અલ્પ જીવન માટે
મારો પ્રકાશ લઈ લે;
મારી વેદનાને
મારાં એકલવાયાપણાંને
ઓળખી લેવા દે.
સંધ્યાની જાળમાં તરફડતા
વર્ષાના એ ધ્રૂજતા હાથને
મારા અસ્તિત્વમાં
આવકારવા દે.

# તારું હાસ્ય

મારો અન્નનો કોળિયો લઈ લેવો હોય તો લઈ લે,
હવા સુધ્ધાં લઈ લે, પણ
તારું હાસ્ય મારી પાસેથી ઝૂંટવી લઈશ નહીં.
એ ગુલાબ ઝૂંટવી લઈશ નહીં,
તારું ચૂંટેલું અણિયાળું ફૂલ,
એકાએક તારા આનન્દમાં
છલકાઈ ઊઠતું જળ,
તારામાં જન્મેલું
એકાએક ઊછળતું
એ રૂપેરી મોજું.
મારો સંઘર્ષ કપરો છે,
થાકેલી આંખે હું એમાંથી પાછો વળું છું
કેટલીક વાર,
આ નહીં બદલાતી હઠીલી
ધરતીને જોઈને,
પણ તારું હાસ્ય, પ્રવેશતાંની સાથે જ –
મને શોધતું આકાશને આંબે,

અને મારે માટે
એ જીવનનાં સર્વ દ્વાર ખોલી નાંખે.
પ્રિયે, કાજળકાળી ક્ષણોમાં
તારું હાસ્ય ખીલી રહો,
ને જો તને એકાએક
શેરીના પથ્થરો મારા રક્તથી છંટાતા દેખાય
તો ય તું હસજે,
કારણ કે તારું હાસ્ય મારા હાથમાં
તાતી તલવાર બની રહેશે.
પાનખરમાં, દરિયાની પડખે
હું જોઈશ તારા હાસ્યનો ફેનિલ પ્રપાત,
અને વસન્તમાં પ્રિયે,
હું જે ફૂલની પ્રતીક્ષા કરતો હતો
તે ફૂલ તારું હાસ્ય બની રહેશે –
ભૂરું ફૂલ, મારા પડઘાતા દેશનું
ગુલાબ.

આ રાતને હસજે
આ દિવસને હસજે
આ ચન્દ્રને હસજે
આ દ્વીપની અવળચંડી
શેરીઓને હસજે
આ તને ચાહનારા
અણઘડ છોકરડાને હસજે,
પણ જ્યારે હું મારી આંખો ઉઘાડું
ને બીડું,

જ્યારે મારાં ચરણ દૂર સરે
ને નજીક આવે
ત્યારે જોઈએ તો અન્નનો કોળિયો લઈ લેજે,
હવા સુધ્ધાં લઈ લેજે,
પણ તારું હાસ્ય કદી ઝૂંટવી લઈશ નહીં
કારણ કે તો હું નહીં જીવું.

# કુંભાર

તારી આખી ય કાયાની
આ પુષ્ટતા અથવા મૃદુતા
મારે માટે નિર્માયેલી છે.

હું મારો હાથ ઊંચો કરું છું
ને દરેક સ્થાને મને શોધતું
પારેવું મને દેખાય છે
પ્રિયે, કેમ જાણે મારા કુંભારના હાથમાં
ઘડવા માટે તને માટીની જ ન બનાવી હોય!

તારા ઘૂંટણ, તારાં સ્તન,
તારી કટિ
તે જાણે મારા જ ખૂટતા અંશો
તરસી ધરતીમાંથી કોઈ જેમ
આકાર ઉશેટી લે ને
પોલાણ રહી જાય તેવું,
અને આપણે બે ભેગાં થઈએ

એટલે પૂર્ણ, એક નદીનાં જેવાં,
એક રેતીના કણ જેવાં

# સદૈવ

તું મારી મોઢામોઢ ઊભી હોય છે
ત્યારે મને ઈર્ષ્યા થતી નથી.

ભલે ને તારી પાછળ કોઈ એકાદને લઈ આવ,
કે તારા કેશમાં સેંકડોને લઈને આવ,
કે તારાં સ્તન અને ચરણ વચ્ચે હજારોને લઈ આવ.,
ડૂબેલાં માણસોથી ભરેલી
નદીની જેમ આવ
જે ક્રુદ્ધ સમુદ્રને જઈને મળે–
અનન્ત ફીણ, ગાંડોતૂર પવન.
હું તારી પ્રતીક્ષા કરું છું ત્યાં
બધાંને લઈ આવઃ
તો ય આપણે તો સદા એકલાં જ હોઈશું,
માત્ર આપણે બે જ હોઈશું – તું અને હું,
જીવનનો પ્રારમ્ભ કરવાને,
આ ધરતી પર, એકલાં આપણે બે.

# જન્તુ

તારાં નિતમ્બથી તે ચરણ સુધી
મારે લાંબી જાત્રા કરવી છે.

હું જન્તુથી ય નાનકડો છું.
આ ટેકરીઓ પર થઈને હું ચાલી નીકળું છું
એનો રંગ ઘઉંના જેવો,
એમાં નાજુકડી કેડીઓ
જેની કેવળ મને જ ભાળ.
બળેલા સેન્ટિમિટર,
ઝાંખાં રેખાંકનો.

અહીં એક પર્વત છે
એમાંથી હું કદી બહાર નીકળવા જ ન પામું.
અરે, કેવી જંગી લીલ!
અને જ્વાળામુખીનું મુખ,
હવાઈ ગયેલા અગ્નિનું ગુલાબ.
ચક્રાકાર સીડીએથી

ઘૂમરાતો હું તારા ચરણના ઢોળાવ પર આવું,
કે મારગમાં વચ્ચે સૂતો સૂતો લસરું,
ને આવી પહોંચું તારાં ઘૂંટણની ગોળાકાર કઠિનતા આગળ
એ જાણે કોઈ ઉજ્જ્વળ ભૂમિખણ્ડનાં કઠોર શિખરો.
લસરીને પગની પાનીએ પહોંચું
તારાં એ દ્વીપકલ્પો જેવાં આંગળાં ધીમાં, અણિયાળાં આઠ મુખ,
અને ત્યાંથી ધોળી ચાદરના વેરાનમાં
હું જઈ પડું.
આંધળો, ભૂખ્યો
તારી કાયાની
એ દઝાડતી પ્યાલીની
રેખાઓને શોધું.

# પુષ્કળા

તેં આ હાથ જોયા?
એણે પૃથ્વીને માપી લીધી છે,
ધાતુ અને ધાન્યને જુદાં પાડ્યાં છે,
એણે યુદ્ધ ખેડ્યાં છે, સન્ધિઓ કરી છે,
બધાં સમુદ્રો અને નદીઓ વચ્ચેના
અન્તરને એણે ભૂંસી નાંખ્યું છે.
ને છતાં,
એ જ્યારે તારા પર ફરે છે,
મારી નાજુકડી પ્રિયા,
મારો ઘઉંનો દાણો, મારી ચરકલડી
ત્યારે એ તને ઘેરી લઈ શકતા નથી.
તારી છાતીમાં જંપેલાં કે ઊડતાં
પેલાં પારેવાનાં જોડાંને એ શોધીશોધીને
થાકી જાય છે.
એ તારાં ચરણના દૂરગામી પ્રસાર પર ઘૂમે છે.
તારી કટિના પ્રકાશવર્તુળમાં એ કુંડાળું વળીને બેસે છે.
મારે મન તો તું

આ સમુદ્ર અને એની શાખાઓથી ય
વધુ વિપુલતાનો ભંડાર છે,
તું શ્વેત છે, આસમાની છે
દ્રાક્ષસંચયની ઋતુવેળાની પૃથ્વી જેવી વિશાળ છે
એ પ્રદેશમાં –
તારાં ચરણથી તે આંખની ભ્રમર સુધીના વિસ્તારમાં
હું ચાલતો, ચાલતો, ચાલતો
મારું જીવન વીતાવી દઈશ.

# એક શિયાળામાં –

એ ઘરમાં કોઈ નહોતું.
મને તો તેડેલો એટલે હું અંદર ગયો,
એક અફવાએ –
ભટકવાના હવાઈ તુક્કાએ
મને તેડ્યો હતો;
મુખ્ય ઓરડો ખાલી હતો,
ગાલીચામાં કાણાં પડી ગયાં હતાં,
એ અવજ્ઞાપૂર્વક મને જોઈ રહ્યાં હતાં.

અભરાઈઓ બધી ભાંગી ગઈ હતી.
પુસ્તકો માટે પાનખર બેસી ગઈ હતી,
એનાં પાને પાનાં ઊડી રહ્યાં હતાં.
ખિન્ન રસોડામાં
ભૂખરી વસ્તુઓ અહીંતહીં ઊડાઊડ કરતી હતી,
ગમગીન થાકેલાં છાપાં,
મરી ગયેલા કાંદાની પાંખો.

એક ખુરશી મારી પાછળ પાછળ આવી
દયામણા લંગડા ઘોડાની જેમ,
એને નહીં પૂંછડી કે નહીં કેશવાળી,
માત્ર ત્રણ દુ:ખી ખરીઓ.
હું ટેબલને અઢેલીને ઊભો રહ્યો
કારણ કે એ હતું પ્રમોદનું સ્થાન
રોટી, શરાબ, ધીમે તાપે રાંધેલી વાનગી,
વસ્ત્રો સાથે વાર્તાલાપ,
આ કે તે વિધિ
અને નાજુક પ્રસંગો;
પણ ટેબલ મૂગું હતું
કેમ જાણે એને જીભ જ ન હોય!
શયનગૃહ ચમકી ઊઠ્યાં.
એમની નિસ્તબ્ધતાને મેં ભેદી તેથી.
એમનાં દુ:ખ અને સ્વપ્નો સાથે
ત્યાં એઓ ફસાઈ પડ્યાં હતાં;
કારણ કે કદાચ ત્યાં જેઓ સૂતાં હતાં
તેઓ આંખ બીડી નહીં શક્યાં હોય,
ત્યાંથી તેઓ સીધાં મરણ પાસે પહોંચ્યાં હશે,
પથારીઓ વેરણછેરણ કરી નાખેલી હતી,
અને શયનગૃહો ફસડાઈ પડેલાં વહાણની જેમ
તળિયે બેસી ગયાં હતાં.

હું બગીચામાં જઈને બેઠો
એ શિયાળાનાં મોટાં મોટાં ટીપાંથી છંટાયેલો હતો.
એટલા બધા વિષાદને તળિયે

એ મસળાઈ ગયેલા એકાન્તમાં
મૂળિયાં હજી કાર્યરત હતાં
એમને કોઈ ઉત્તેજન આપનારું નહોતું તે છતાં –
મને તો એ અસમ્ભવ જ લાગ્યું.

આમ છતાં, તૂટેલા કાચની વચ્ચે
ખરી પડેલા પ્લાસ્ટરના ગંદા ટુકડાઓ વચ્ચે
એક ફૂલ ખીલું ખીલું થઈ રહ્યું હતું;
વસન્તને ધૂત્કારી કાઢી હતી તે છતાં
એણે એની વાસના છોડી નહોતી.
હું જવા નીકળ્યો ત્યારે એક બારણું ચૂંચવાયું
અને પવને હચમચાવી નાખેલી
કેટલીક બારીઓ કકળવા લાગી –
કેમ જાણે એમને કોઈ નવા પ્રજાસત્તાકમાં
જઈને વસવાની ઇચ્છા ન થઈ હોય!
જ્યાં પ્રકાશ અને પડદાઓ મદ્યના રંગના હોય
એવા શિયાળામાં જવાની ઇચ્છા ન થઈ હોય!

ને મેં મારા જોડાને સાબદા કર્યા,
કારણ કે જો ત્યાં મને ઝોકું આવી ગયું હોત,
ને આ બધી વસ્તુઓએ મને ઢાંકી દીધો હોત
તો શું કરવું તે મને સૂઝ્યું ન હોત.
ને હું કોઈ ઘૂસણખોર ભાગે તેમ ભાગ્યો –
જે ન જોવું ઘટે તે જોઈ ચૂક્યો હતો.

આથી જે મુલાકાતે હું ગયો જ નહોતો

તેની વાત મેં કોઈને કરી નહીં –
એ ઘરબર ક્યાં ય છે નહીં,
એ લોકોને ય હું ઓળખતો નથી,
મારી આ વાત પણ ઉપજાવી કાઢેલી છે.

એવી હોય છે શિયાળાની ગમગીની.

# દુ:ખિયારી

એ ઉમ્બર પર રાહ જોતી ઊભી રહી
ને હું ચાલી નીકળ્યો દૂર દૂર દૂર....
એને ખબર નહોતી કે હું પાછો આવવાનો નહોતો.

એક કૂતરો પસાર થયો, એક સાધ્વી પસાર થઈ,
એક અઠવાડિયું પસાર થયું ને એક વરસ પણ પસાર થયું.

વરસાદે મારાં પગલાં ધોઈ નાંખ્યાં
અને શેરીમાં ઘાસ ઊગી નીકળ્યું,
અને એક પછી એક, પથ્થરોની જેમ,
ધીમે ધીમે ગબડતા પથ્થરોની જેમ
વર્ષો એના માથા પર આવી પડ્યાં.

પછી આવ્યું યુદ્ધ
જાણે લોહીનો જ્વાળામુખી ફાટી નીકળ્યો.
બાળકો મર્યાં, ઘર મર્યાં.
અને એ નારી મરી નહીં.
આખાં મેદાન સળગી ઊઠ્યાં.

નમ્ર પીતવર્ણ દેવો
હજારો વર્ષથી ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા હતા.
એમને મન્દિરમાંથી ખણ્ડિત કરીને ફગાવી દીધા.
હવે એઓ સ્વપ્નાં સેવતા બંધ થયા.
મીઠડાં ઘર, વરંડા
જ્યાં હું ઝાડ વચ્ચે બાંધેલા ઝૂલા પર સૂતો,
એ ગુલાબી છોડ,
મોટા પસારેલા હાથ જેવાં પાંદડાં.

ચીમનીઓ, પવનચક્કીઓ
બધું ભાંગીને ચૂરેચૂરા થઈ ગયું, બળી ગયું.
અને જ્યાં શહેર હતું ત્યાં
માત્ર કજળેલા અંગારા રહ્યા,
મરડાયેલા લોખંડના સળિયા,
મરી ગયેલાં પૂતળાંઓનાં
વિરૂપ મસ્તકો
અને લોહીના કાળા ડાઘ.

અને રહી ગઈ પેલી રાહ જોતી નારી.

# બોરિસ પાસ્તરનાક

# મિલન

રસ્તા બધા ઢંકાયલા છે બરફથી
છાપરાંઓની ઉપર પણ બરફ જામ્યો છે થોકથોક;
લંબાવવાને પગ જરા હું નીકળું છું બહાર –
જોઉં તને, ઊભી અઢેલી દ્વાર.

એકલી, શરીરે લપેટી કોટ ઊનનો
માથું ઉઘાડું, નગ્ન ચરણો;
મોંમહીં મમળાવતી તું કણ બરફના
ને મથે છે સ્વસ્થ થાવા.

વૃક્ષો અને સૌ વાડ –
આંધળી દૂરતા મહીં ના રે કશો આભાસ.
હિમવર્ષામાં અટૂલી
તું પણે ખૂણે ઊભી.
રૂમાલથી નીતર્યા કરે પાણી,
બાંયમાં જાતું સરી,

ઝાકળ સમું ઊઠતું ઝગી
તુજ કેશમાં.

લટ એક ઉજ્જ્વળ કેશની
અજવાળી દે
મુખ, આકૃતિ તારી,
રૂમાલ, ગંદો કોટ ઊનનો.

પાંપણો પર હિમકણી,
આંખો મહીં છે વેદના –

તેજાબમાં બોળેલ છીણી
મારા ઉરે રે કોતરે તારી છબિ –

મુખ પર છવાઈ દીનતા
હૈયામહીં અંકાઈ રહેશે રે સદા;
ને હવે આ વિશ્વના પાષાણ શા હૈયા વિશે
સાવ છું હું બેતમા.

તેથી તો આ બરફછાઈ રાત થાય બમણી,
તારી ને મારી વચ્ચે
દોરી ન શકું ભેદરેખા.

પણ આપણે તે કોણ? ને આવ્યા ક્યાંથી આપણે?
જે વીત્યાં વર્ષો બધાં
વાતો વિના રે શું બચ્યું છે આખરે?
ને આપણું આ વિશ્વમાં ના સ્થાન ક્યાંયે શું અરે?

# પ્રભાત

તું જ મારી નિયતિનું સર્વસ્વ.
આવ્યું પછી તો યુદ્ધ, સત્યાનાશ;
કૈં કેટલા – રે કેટલાયે સમયથી
ના મળે કૈં ચિહ્ન તારું, ના ખબર.

આટલાં વર્ષો પછી
વિક્ષુબ્ધ કરી દે છે મને તારો ફરીથી કણ્ઠસ્વર;
રાત આખી વાંચતો'તો પોથી તારી,
મૂર્ચ્છા મહીંથી જાગતો જાણે ફરી.

ન મારે જવું છે લોક વચ્ચે
સમુદાયમાં, પ્રાતઃ સમેની ધમાલમાં.
કચ્ચરે કચ્ચર કરી સૌ નાખવા તૈયાર હું,
લોકને ચરણે જઈને એ ધરું.

દોડતો હું ઊતરી જાઉં સીડી
કેમ જાણે પ્રથમ વાર
આ બરફછાઈ શેરીઓ ને આ સૂના રસ્તા પરે

પાડતો ના હોઉં પગલાં.
ચારે તરફ દીવા ઝગે, સંસાર ચાલે, ઊઠતાં સૌ લોક,
ચા પીએ, દોડે પકડવા ટ્રામ;
થોડી જ ક્ષણના આ લઘુ અવકાશમાં
નગર બની જાયે અજાણ્યું!

હિમઝપાટો શી જાળ ગૂંથે
બારણાં વાસે વરસતા બરફની,
સમયસર સૌ પહોંચવાને દોડતા
ખાવું અધૂરું છોડીને ચાને ય પીવી મૂકીને.

એ સૌ તણું લાગે મને
મારા શરીરે એમની જાણે ત્વચા;
આ પીગળતા બરફ સાથે ઓગળું છું હું ય ને
ઉષા ચઢાવે ભ્રમર તો હું યે ચઢાવું ભ્રમરને.

મારા મહીં લોકો અનામી કેટલાં:
કૈં બાળકો, ઘરમાં પુરાયેલાં અભાગી, વૃક્ષ સૌ –
આ સૌ થકી જિતાઉં છું હું
એ જ મારો વિજય એક માત્ર.

# વિયોગ

ઉમ્બર પરે ઊભો રહી એ નજર નાંખે છે ભીતર,
ના પિછાની રે શકે આ જ એનું ઘર!
ચાલી ગઈ એ, પાંખ ફફડાવી ઊડી;
– ચારે તરફ શી ધ્વંસની પગલી પડી!

સૌ ઓરડાઓમાં અરાજકતા નરી –
અશ્રુઓ ને ફાટતાં લમણાં
જોવા ન દે એને
પૂર્ણ મૂર્તિ વિનષ્ટિની.

કાનમાં ઘુઘવાટને એ સાંભળે સવારથી,
જાગે છે એ? કે સ્વપ્ન છે આ?
શાને છબિ સાગર તણી
દ્વાર ઠેલે ચિત્તનાં રે ફરી ફરી?

સુવિશાળ સૃષ્ટિ બહારની
ઢાંકી દિયે ધુમ્મસછવાઈ બારીઓ

દુ:ખની અગતિકતા
સમુદ્ર-મરુ શી વિસ્તરે પ્રસરે કશી!

અંગ ને પ્રત્યંગમાં
એ એવી તો એની નિકટ
જેવો નિકટ તટ
સમુદ્રને, તરંગે તરંગે.

ઝંઝા પછી સાગરતરંગો
પ્લાવિત કરી દે વેતવન
તેમ એના હૃદયમાં
એની છબિ છે પ્લાવિતા.

આવ્યો સમય કપરો તિતિક્ષાનો
જીવન સુધ્ધાં રે અચિન્ત્ય –
ત્યારે જુવાળે નિયતિના
સાગરતળેથી આવી એ ધોવાઈ એની પાસે.

અન્તરાયો તો અસંખ્ય
તો ય છોળે ભરતીની ઠેલાઈને
અપઘાતથી બચી માંડમાંડ
એ આવી'તી કાંઠે.

ને હવે ચાલી ગઈ એ,
અનિચ્છાએ રે કદાચિત –
ભરખી જશે વિચ્છેદ નક્કી એમને
હાડ સુધ્ધાં કોરી ખાશે યાતના.

ચોપાસ એ નાખે નજર:
જાતી વેળા
એ કરી ગઈ છે બધું ઊંધું છતું
ચીંથરેચીંથરાં કરી ફેંક્યું બધું.

સાંજ સુધી એ મથ્યો
એકઠું કીધું બધું ને ગોઠવ્યું:
ઝીણી ઝીણી ચીંથરડી
ને ભાત વેતરવા તણી.

સીવતાં અધૂરાં મૂકેલાં વસ્ત્રમાંથી સોય
ભોંકાઈ એની આંગળીએ,
નજર સામે એ થઈ સાક્ષાત્ એકાએક
અશ્રુઓ સરતાં અનર્ગળ ને નીરવ.

# સેંટ જ્હોન પેર્સ

# નમેલી સાંજ

મકાનોનાં ધાબાં ભૂખરા પથ્થરના કે લીલ બાઝેલી તખતીનાં છે.
એ લોકોનો શ્વાસ ધુમાડિયામાંથી બહાર વહે છે.
તેલિયા ચીકણાશ!

ટોળામાં રહેતાં માણસોની વાસ, કતલખાનાની વાસી ગન્ધના જેવી!
ઘાઘરા નીચેનાં સ્ત્રીઓનાં ખાટાં શરીર!
હે આકાશ સામે ખડકાયેલી નગરી!
ચીકણાશ! એની એ વાસી હવાનો શ્વાસ લેતા જીવ, અને અપવિત્ર
લોકોના ઘરનો ધુમાડો – કારણ કે દરેક નગરી એટલે ઉકરડાનું ઢાંકણું.

નાનકડી દુકાનની કાચની બારી પર – ગરીબોનાં ઘર આગળના ગંદકીના
ઢગલા પર – ખારવાઓની વસતિમાંથી આવતી સસ્તા દારૂની વાસ પર –
પોલીસ
ચોકીના આંગણામાં ડૂસકાં ભરતા ફુવારા પર – ફૂગ વળેલા પથ્થરનાં પૂતળાં
પર ને રઝળતા કૂતરાં પર – સીટી મારતા નાનકડા છોકરા પર અને જડબાંની
બખોલમાં થરકતા ગાલવાળા ભિખારી પર,

કપાળમાં ત્રણ કરચલીવાળી માંદી બિલાડી પર,

સાંજ ઢળે છે, માણસોના ધુમાડામાં થઈને.
– ઘારા જેવી નગરી નદીમાં થઈને દરિયામાં વહી જાય છે...
ક્રુસો! – આ સાંજે તારા પેલા દ્વીપ પર, સમુદ્રની સોડમાં સરીને આકાશ એની સ્તુતિ ગાશે અને એકાકી તારાઓના આશ્ચર્યોદ્ગારને શાન્તિ દ્વિગુણિત કરશે.

પડદા પાડી દો; દીવો પેટાવશો મા.

તારા દ્વીપ પર ને ચારે બાજુ સાંજ ઢળી છે. અહીં ને તહીં; સમુદ્રનો કુમ્ભ, ખોડખાંપણ વિના, જ્યાં જ્યાં વળાંક લે છે ત્યાં ત્યાં; આંખનાં પોપચાંના રંગની છે એ સાંજ, આકાશ અને સમુદ્રના તાણાવાણાથી વણાયેલા માગૌ પર.
બધું ખારું ખારું છે, ચીકણું ને લોહીના દ્રવ જેવું ઘટ્ટ.

પંખી એનાં પીંછાંને હિંડોળે ઝૂલે છે, તેલિયા શમણામાં; કીડાઓએ બોદું કરી નાખેલું પોલું ફળ ખાડીના પાણીમાં પડે છે, પોતાના પડવાના અવાજને તાગતું.
વિશાળ જળરાશિના પટાંગણમાં, ઉષ્ણ પ્રવાહ અને મત્સ્યના સ્નિગ્ધ વીર્યથી ધોવાઈને સમુદ્ર કાંપ સાથે બાથ ભરાવીને દ્વીપ નીંદરમાં ઢળે છે.

પથરાયે જતી કાદવિયા વનસ્પતિ નીચે, ચપટાં માથાંથી આળસુ
માછલીઓએ પરપોટા કર્યા છે; ને બીજી એનાથીય આળસુ, પડીપડી પહેરો ભરે છે – કાદવમાં ઈંડાં ઊભરાય છે – પોતાની કાચલીની અંદર ખખડતાં પોલાં જીવડાંને સાંભળો – હરિયાળા આકાશના નાના શા ખણ્ડની પડછે એકાએક ધુમાડાનું ગૂંચળું દેખાય છે – એ છે ગૂંચવાઈને ઊડતા મચ્છરો. – પાંદડાં નીચે તમરાઓ એકબીજાને સાદ દે છે – ને બીજા નરમ જીવ, આસન્ન

રાત્રિની પ્રતીક્ષામાં, વર્ષાની એંધાણીથીય શુદ્ધ સૂરે ગીત ગાય છે: એ તો બે મોતી ગળીને ફુલાવેલાં પીળાં ગલોફાં છે...

ઘૂમરી ખાતાં ને ચળકતાં જળનો વિલાપ! ફૂલનાં વજ, આર્દ્ર, રેશમી મુખડાં: વિષાદ જે ફાટી પડીને ખીલી ઊઠે છે! મોટાં ઝૂલતાં પ્રવાસી પુષ્પો, સદાકાળ જીવતાં પુષ્પો, જે આખીય સૃષ્ટિમાં, કદીય ઊગતાં નહીં થંભે... શાન્ત જળની ઉપર ચકરી ખાતા પવનનો શો રંગ! તાડનાં પાંદડાંનો સળવળાટ!

અને દૂર ક્યાં યે રડ્યાખડ્યા ભસતા કૂતરાનો ય અવાજ નહીં, એટલે કે ઝૂંપડી નહીં; એટલે કે ઝૂંપડી ને સાંજનો ધુમાડો ને તેજાનાની વાસમાં ઢંકાયેલા ત્રણ કાળા પથ્થરો.

પણ ચામાચિડિયાં, નાના ચિત્કારથી, નરમ સાંજનું ચિત્ર કોરે છે.

ઉલ્લાસ! આકાશની ઊંચાઈઓમાં મુક્ત થયેલો ઉલ્લાસ!

...કુસો! તું ત્યાં છે! અને તારું મુખ, રાત્રિના પ્રત્યેક અણસાર પ્રત્યે, અંજલિની જેમ નિવેદિત થયું છે.

# હે પ્રિયતમ!

'મારી દન્તપંક્તિ તારી જીભની નીચે સ્વચ્છ છે. તું મારા હૃદય પર ઝળુંબીને મારાં ગાત્રો પર શાસન કરે છે. હે મારા પ્રિયતમ, વહાણના કપ્તાનની જેમ તું મારી શૈયાનો સ્વામી છે. કપ્તાનના સ્પર્શે સુકાન નરમ બને છે, એના વર્ચસ્ હેઠળ મોજાં ધીમાં પડે છે, અને શઢને ખેંચનારાં દોરડાંના ભાર નીચે, મારી અંદર રહેલી બીજી નારી કણસે છે... આખા ય વિશ્વમાં એક જ મોજું, એ એક જ મોજું વિશ્વ સમસ્તના ને આપણી વચ્ચેના અફાટ અન્તરને વ્યાપતું આપણા સુધી પહોંચે છે... અને બધી બાજુથી એવો તો એનો ઉછાળો, જે ઊંચે ચઢીને આપણામાં એનો રસ્તો શોધી લે છે...'

'ઓહ! તારાં મૌન અને અનુપસ્થિતિ રખે તને મારો કઠોર કપ્તાન બનાવે! અત્યન્ત દક્ષ સુકાની, ભારે સમજણા પ્રેમી! લઈ લે, લઈ લે, તારા દાનથી વિશેષ મારી પાસેથી લઈ લે. મને ચાહતાં, મારા પ્રિયતમ બનવાનું ય શું તું નહિ ઇચ્છે?... હું ભયથી ફફડું છું, મારા હૃદયમાં દર્દનાક અધીરાઈનો વાસો છે. કેટલીક વાર, પુરુષનું હૃદય દૂર દૂર ભટકતું હોય છે ને એની આંખની કમાન નીચે, એકાન્તમાં ઊભેલી ઊંચી કમાનો નીચે હોય છે તેમ રણના સીમાડા સુધી ઠેઠ પહોંચી જતો, સમુદ્રનો વિશાળ પ્રસાર હોય છે.

‘સમુદ્રની જેમ દૂર દૂરની મહાન વસ્તુને માટે હિઝરાતા હે પ્રિયતમ, મેં તારી ભ્રમરોને નારીની પેલે પાર કશુંક શોધતી જોઈ છે. જે રાતે તું સુકાન ઝાલીને વહાણને દોરે છે તે રાતે ક્યાંય દ્વીપ કે કાંઠાનો અણસાર નથી વરતાતો? તારામાં વસતું એ કોણ સદા અપરિચિતની જેમ અળગું રહીને પોતાની જાતને નકારે છે? પણ ના, તું સ્મિત કરે છે, આ તો તું જ છે, તું મારા મુખ પાસે આવે છે – જળ ઉપર કૂચકદમ કરતી મહાન નિયતિની જેમ, પ્રતિબિમ્બના જેવી વિશદતા સહિત (પીળી અને લીલી માટીના વિસ્તાર વચ્ચે, ફાટેલાં પહોળાં ખેતરોની જેમ, પ્રકાશથી એકાએક આહત થતા હે સમુદ્ર!) અને હું, મારે જમણે પડખે સૂતેલી, મારા ખુલ્લા વક્ષ:સ્થળની પડછે તારા રખડુ લોહીના ધબકારા સાંભળું છું.’

‘તું આ રહ્યો, મારા પ્રિયતમ, અને તારામાં મારું સ્થાન છે. અન્ય ક્યાંય નહીં. મારા અસ્તિત્વના મૂળને હું તારા ભણી ઉન્મુખ કરીશ ને પુરુષની રાત્રિ કરતાં વિશદ એવી મારી નારીની રાત્રિને તારી આગળ અવારિત કરી દઈશ; મારામાં રહેલું ચાહવાનું ઐશ્વર્ય કદાચ તને કોઈ વડે ચહાવામાં રહેલા સૌન્દર્યનું ભાન કરાવશે.’

(‘Sea Marks’માંથી)

# સેસારે વાયેહો

# ચહેરા વિનાનો માણસ

આ છે ઘવાયેલો માણસ, જે ઝપાઝપીમાં ઘવાયો નથી, પણ ભેટવામાં ઘવાયો છે; લડાઈથી ઘવાયો નથી પણ શાન્તિને કારણે ઘવાયો છે. એણે એનો ચહેરો પ્રેમમાં ખોયો છે, દ્વેષમાં નહિ; જીવનના સામાન્ય ક્રમમાં ખોયો છે, અકસ્માતમાં નહિ; સ્વાભાવિક રીતરસમને અનુસરતાં ખોયો છે, મનુષ્યોની અરાજકતાને કારણે નહિ. 1914ના દારૂગોળાથી કર્નલ પિકોટનો ચહેરો ખવાઈ ગયો છે. પણ મને પરિચિત આ ઘવાયેલા માણસનો ચહેરો શાશ્વત અને અનાદિકાળની આબોહવાથી ખવાઈ ગયો છે.

જીવતા ધડ પર મરેલો ચહેરો. જીવતા માથા સાથે ખીલા ઠોકીને જડી દીધેલો જડ ચહેરો, એ ચહેરો ખોપરીનો પાછલો ભાગ, ખોપરીની ખોપરી, થઈને અટકી જાય છે. મેં એક વાર મને જોઈને પીઠ કરનાર વૃક્ષને જોયું, ને વળી એક વાર મને જોઈને મોઢું ફેરવનાર રસ્તાને જોયો. તમને પીઠ કરનાર વૃક્ષ, જે જગ્યાએ કોઈ જન્મ્યું નથી કે મર્યું નથી ત્યાં જ ઊગે છે. તમારાથી મોઢું ફેરવી લેનાર રસ્તો, જ્યાં કેવળ મરણ જ છે ને જન્મ છે જ નહીં, એવી જગ્યાએથી જ પસાર થતો હોય છે. શાન્તિ અને પ્રેમથી ઘવાયેલો માણસ, આલંગિન અને વ્યવસ્થાને કારણે ઘવાયેલો માણસ, જીવતા ધડ પર મરેલા ચહેરા સાથે, પીઠ

કરનાર વૃક્ષની છાયામાં જન્મ્યો છે ને એની જંદિગી મોઢું ફેરવી દેનાર રસ્તા પર થઈને પસાર થાય છે.

એનો ચહેરો કઠણ અને મરેલો હોવાથી, એની લાગણીઓ ને એના હાવભાવ, બહાર પ્રકટ થવા માટે, એની વાળવાળી ખોપરીમાં, છાતીમાં ને છેડાઓમાં આશ્રય લે છે. એના ગહનમાં ગહન જીવનની વૃત્તિઓ, પ્રકટ થતી વેળાએ એના ચહેરા પરથી પાછી વળી જાય છે, અને એનો શ્વાસોચ્છ્વાસ, એની દૃષ્ટિ, એનું શ્રવણ, એની ઘ્રાણેન્દ્રિય, એના શબ્દો, એના જીવનની માનવીય આભા, એના વાળ, પાંસળી, હાથ, પગ અને પંજામાં થઈને છાતી દ્વારા સંચાર પામે છે.

ચહેરો ખવાઈ ગયો છે, સંતાઈ ગયો છે, બંધ થઈ ગયો છે, છતાં એ માણસ આખો છે, એનામાં કશું ખૂટતું નથી. એને આંખો નથી ને એ જુએ છે ને આંસુ સારે છે. એને નાક નથી ને એ સૂંઘે છે ને શ્વાસ લે છે, એને કાન નથી ને એ સાંભળે છે, એને મોઢું નથી ને એ બોલે છે ને હસે છે. એને ચિબુક નથી ને એ ચાહે છે ને ટકી રહે છે. જેને આંખ હતી ને જોતો ન હતો, કાન હતા ને સાંભળતો ન હતો એવા અપંગની ઇસુને ખબર હતી. હું એવા અપંગ ઇન્દ્રિયોવાળા માણસને ઓળખું છું જે આંખ વિના જુએ છે ને કાન વિના સાંભળે છે.

# જ્યુસેપ્પે ઉન્ગારેત્તિ

# પ્રાર્થના

હું ઘવાયેલો આદમી છું,
અને હું ચાલ્યો જઈશ,
અન્તે પહોંચીશ–
(કરુણા કરો) જ્યાં માણસ સાંભળે છે
કેવળ પોતાને, એકાકી.
મારી પાસે કેવળ ઉદ્ધતાઈ અને કરુણા બચ્યાં છે.
અને માણસોના મેળા વચ્ચે હું નિર્વાસિત છું.
છતાં એમને માટે જ હું યાતના ભોગવું છું.
શું હું મારામાં પાછો ફરવાને યોગ્ય નહિ થાઉં?
મેં નિર્જન શૂન્યતાને નામોથી આબાદ કરી છે.
મેં શું હૃદય અને મનને ખણ્ડિત કરી નાખ્યા છે
શબ્દોની ગુલામી ખાતર?
મારું રાજ ભૂતાવળ પર ચાલે છે.
હે શુષ્ક પર્ણો,
અહીંથી તહીં રઝળાવાતા આત્મા...
ના, હું ધિક્કારું છું પવનને ને એના
પ્રાગૈતિહાસિક પશુ શા ચિત્કારને,

પ્રભુ, જેઓ તને પ્રાર્થે છે
તેઓ તને નામથી વિશેષ ઓળખે છે ખરા?

તેં મને જીવનની બહાર ફેંકી દીધો છે.
ને તું મને મરણની બહાર પણ ફેંકી દઈશ?
કદાચ માણસ આશા સેવવાને ય લાયક નથી.
સુકાયો, પશ્ચાત્તાપનો ઝરો પણ?
પાપનો ય શો અર્થ
જો એ પવિત્રતા તરફ દોરી નહીં જાય તો?
શરીરને તો ભાગ્યે જ યાદ રહે
કે એક વાર એ સશક્ત હતું.
જીર્ણ અને પ્રાકૃત, આત્મા.
પ્રભુ, અમારી નિર્બળતા પર નિગાહ રાખ.
અમને નિશ્ચિતતા ખપે છે.
તું હવે અમારી હાંસી સુધ્ધાં નથી ઉડાવતો?
તો અમારે માટે શોક કર, ક્રૂરતા.
હું હવે દીવાલ વચ્ચે જંપી શકતો નથી
પ્રેમ વિનાની નરી વાસનામાં.
અમને ન્યાયનો છાંટો દેખાડ.
તારો કાનૂન – એ શું?
વિદ્યુતથી મારી ગરીબડી લાગણીઓને ફટકાર,
મને મુક્ત કર અશાન્તિમાંથી
હું અવાજ વિનાના ઘુરકવાથી થાક્યો છું.

# પાવો હાવિકો

# સાતમી કવિતા

આ કવિતા,
એક નાની નાટિકા,
અને એક વર્ષ, અને અનેક વર્ષો
એક નાની રેખા,
અને એકાએક
થાય છે એનો પ્રારમ્ભ:

આ તારાઓ નીચે થઈને હું ગરીબાઈમાંથી ભાગી છૂટું છું ઉત્તર તરફ.
પાછળ મૂકી જાઉં છું ટાવર, બહાર ઉપસી આવ્યા છે એના કાન,
આ ભયંકર દુનિયા
જેમાં કાનમાંથી છબિઓ ઊગી નીકળે,
આ ભયંકર દુનિયા
જેમાં આંખમાં થઈને અવાજ ઊડવા માંડે.

પંખીઓ
પેલા છાપરાની તૂટેલી બારીમાં થઈને ઊડી જાય છે
પાછાં ઘર ભણી.

હે આકાશ, ખાલી છિદ્ર
વૃક્ષોની ટોચની
કિનારવાળું
હે છિનાળ, દુનિયા.
દૃશ્ય બીજું: શાખાઓ પર પ્રકાશ
નદીને કાંઠે,
વસન્ત, પાનખર અને વસન્ત અને પાનખર
સ્ત્રીઓની ચાર અવસ્થાઓ,
એની ત્વચા પર હાથથી આલેખેલી.
વસન્ત, ગુલાબી અને પાનખર વર્ષા;
શિશિર, નિદ્રા.

અને ઉનાળામાં એના કેશનો ચળકાટ
અને બતકો, એમના તીણા અવાજ
તમારી ચામડી ઉપર એનો સ્પર્શ પારખી શકો.
સ્ત્રીની ત્વચા હોય છે સુંવાળી,
તમે જ્યારે એની આંખોમાં થઈને જોતા હો છો
અજાત ત્રણ શિશુઓને
અને એ નારીને નથી હોતી પોતાના નામની ખબર.
કદાચ તમે એને કહી શકો
સ્થાપત્યના સ્તમ્ભમાં જડેલી નૃત્યાંગના
અવિશ્રાન્ત સ્થાપત્ય, જેને આધારે ટકી રહે છે દુનિયા.

અને આ છે ત્રીજું દૃશ્ય,
જેમાં આ પુષ્પિતા નારી જવાબ વાળે છે:

હું ઊડી, ઊડતાં ઊડતાં મેં જન્મ આપ્યો
અને દુનિયા આવી,
આ, એને હું હવે ધારણ કરી રહી છું
અને પેલું ઊડતું શિયાળ તે પણ હું જ
ત્યારે તો પૃથ્વી નહોતી, વૃક્ષ નહોતાં,
અને હું થાકી ગઈ:

જાગી ઊઠી એક શીશીમાં, સાવ નાની શીશીમાં.
શીશીનો કાચ ખણક્યો ને હું સફાળી બેઠી થઈ ગઈ,
એમાંથી બહાર સરી આવી પથ્થર પર,
હું ઠોકર ખાઈને લગભગ પડી ગઈ, મારે બધાંનો અન્ત લાવવો હતો!
સાવ ખાલી થઈ જવું હતું, નિર્ભૃણ! ત્યારે મેં જોઈ
મને પોતાને
હું પોતે જ દુનિયા.
હું, ભાંગેલી, બારીઓના જેવી.

ચોથું દશ્ય, એ બોલી:
સ્વપ્ન શું તે હું શી રીતે જાણું
અને ક્યાં ખભો પૂરો થાય, છાતી શરૂ થાય?
મને આ કાવ્ય રચી આપો, શિશિરમાં હૂંફ આપે એવું,
એમાં જીવી શકાય એટલું સસ્તું, વસ્તુઓ રાખવાના કબાટની સગવડવાળું
અને આત્માને રહેવા માટે એક ઓરડો,
અને એમાં હું આ પંક્તિને વસાવીશ ખૂબ ખૂબ લાંબા કાળ સુધી,
જે પોતાનાં પાંદડાં ખેરવતી નથી એવી કવિતામાં,
એવા અવાજમાં હું રહી શકું, એને કહેવાય ઘર.

મેં કહ્યું, આ છે દશ્ય ચોથું,
હું એક કાવ્ય રચું છું,
શેમાંથી – કહો જોઉં? શૂન્યમાંથી?
એક નાની કવિતા, એનો પાઠ કરવાનો ઊભા થઈને
અથવા સૂતાં સૂતાં, એકલા, અને તું જ નથી શું
તારું પોતાનું ઘર?

એ બોલી, હું – દુનિયા–
હું એવી તો ભેદનીય છું! ત્વરા ત્વરા!
મને એ ઘર જલદી બાંધી આપો!

પણ મેં મારી જાતને કહ્યું,
તું એને રીઝવવા જઈશ નહીં:
કારણ કે બીજું તારે કરવાનું ય શું છે, અને એ
લાવી દેશે તારો અન્ત...
અને પછી એ નારીને જાણવું હતું,
તું શું ગણગણે છે? તને નથી સમજાતું
કે મારે રહેવા માટે ઘર જોઈએ છે?

હા, મેં કહ્યું,
આ સૂરજ અને ચાંદો
અને અન્તરીક્ષનાં એ રહેઠાણ, ચાર સંખ્યા સુધીનાં
હું એ બધાંને ઘરની આજુબાજુ વાળીશ, અને વૃક્ષો
પુષ્પો, સેંકડો પાનખરને યાદ કરનારો પીંપળો –
અને પીંપળાને તો કૂંપળ બેઠી, પાંદડાં પ્રગટ્યાં
મને ચકિત કરી દીધો –

અને આ છે દશ્ય ચોથું, પાંચમું અહીં શરૂ થાય છે. મેં કહ્યું:
હું પણ એ ઘરમાં રહેવા ઇચ્છું છું, મારા અસબાબ સાથે,
મોકળાશવાળું ઘર; અને છતાં, એ લોકો તો એક શબ્દ
પૂરું વાક્ય બને એમ ઇચ્છે – એ લોકોને સુધ્ધાં
ઉત્પાદનશીલ ભાષાને જાળવી રાખવાની હોંશ–

હું આ કવિતાને છોડી જાઉં છું, બુદ્ધિ પર પાણી ફેરવીને,
મારે મારી જાતને મળવું નથી, હું છુટ્ટા મૂકું છું
મેં ચિત્રાંકિત કરેલા ઇતિહાસના બાર ગ્રન્થો,
હવે ઠાલા, પુષ્પિત નથી થવાનું એવા ફળને છોડી જાઉં છું ત્યારે,
એ તો છે કવિતા, મને અળગો પાડવાને રચેલું સુગઠિત વાક્ય નથી
હું વાંધો ઉઠાવતો નથી કે નથી હું સમાધાનની વાટાઘાટો ચલાવતો,
હું તો માત્ર ગુજરું છું. આ બધામાં થઈને પસાર થાઉં છું.
એ બંધ છે, ખુલ્લું છે
આ દાયકાઓની જેમ,
અને એ હતું પાંચમું દશ્ય: સાતમી કવિતા,
નાટકનો
વિરામ.

('વિન્ટર પેલેસ'નો એક ખણ્ડ)

# ચીની કવિતાઓ

# યુગ્ગ

આ વરસાદ
પડે છે તે બસ પડ્યે જ જાય છે!

આ કલાકના ઘંટા
બજે છે તે બસ બજ્યે જ જાય છે!

બારી બહારની કેળ
ટીપે ટીપે ધ્રૂજે છે;
અંદરનો આ દીવો
રહીને રહીને થરકે છે;

નથી ઘડાતો ઘાટ સપનાંનો,
નથી સળ સરખી કરાતી
વેદનાની કરચલીઓની!

શી રીતે સાંભળી રહેવાય આ વરસાદની ધારાને?
સૂના સૂના ચોકમાં એ તો છેક
સવાર સુધી

ટપક્યે જ જશે
ટીપે
ટીપે
ટીપે
ટીપે.

# ચાઓ કુ

હું એકાકી
ચઢું છું નદીકાંઠેના મિનારા પર;
હૈયામાં વેદના.

ચન્દ્ર ચળકે છે
જળના જેવો;
ને જળ છે આકાશના જેવું.

મારી સાથે અહીં ચન્દ્રને જોવા
આવી હતી તે ક્યાં છે આજે?
ને છતાં
અહીં બધું છે જેમનું તેમ
ગયે વર્ષે હતું તેમ.

# પા ચુ ઇ

કલમ અટકાવીને જોઈ રહ્યો
પશ્ચિમની બારીમાંથી
પાઇન અને વાંસવનની અસીમ નિસ્તબ્ધતા.

ચન્દ્ર ઊગ્યો, ઓરડામાં આવી ચઢી
હવાની આછી લહર;

એકાએક ભાન થયું કે પર્વત પર સન્ધ્યા ઢળી હશે
તેથી તન્દ્રાના ઘેનમાં ને ઘેનમાં સ્વપ્ન જોવા લાગ્યો:
પહોંચી ગયો છું દક્ષિણ પશ્ચિમે,

સૂતો છું સિમેન – ઉ મન્દિરમાં.

તન્દ્રા ઊડી જતાં કાને પડ્યા
દૂરની દેવડીના ઘંટા
ત્યારે મને થયું કે એ જાણે
પર્વતનાં ઝરણાંનો ખળખળ ધ્વનિ.

# લિ ચિંગ પાઓ

પવન થંભી ગયો છે,
ખરેલી પાંખડીની ખુશબોથી ધરતી મઘમઘે છે;

દિવસને છેડે મને આળસ ચઢે છે,
હું વાળની લટ ગૂંથતી નથી;
બધું એમનું એમ છે, પણ એ નથી
ને બધું મારે મન નહિવત્ છે.

હું બોલવા મથું છું,
પણ આંસુ વહી જાય તો!
મેં સાંભળ્યું છે કે પેલાં સાથે સાથે
વહેતાં ઝરણાં આગળ વસન્તનો
બહાર હજી એવો ને એવો છે;
ને મને ય નાની શી નાવડીમાં
બેસીને વિહરવાનું મન થઈ આવે છે;

પણ તીડ જેવી એ નાની નાવડી

ને મારી આ ભારે ભારે વેદના
કદાચ નાવડી એનો ભાર નહિ સહી શકે તો?

# પો ચુ

આંસુ તે હું ક્યાંથી સારું
વહાય જ જ્યાં છાની છપની

હોય ક્યાંથી કશી વાતચીત
પ્રેમ જ જ્યાં કરીએ છાનોમાનો!

અમારાં બે હૃદય સિવાય
કોઈ બીજું એ જાણે નહિ

એકાકી પંખી પિંજરામાં પુરાઈને
રાતે લે છે વિસામો;

વસન્તમાં તીક્ષ્ણ તલવાર
છેડે છે જોડિયા ડાળને;

નદીનાં જળ, ડહોળાયેલાં તોય
બની જશે કદાચ નિર્મળ;

કાગડાનું માથું કાળું તોય
કદાચ થઈ જાય ધોળું.

પણ આ છાનીછપની વદાય
આ ચોરીછૂપીથી થતો પ્રેમ

એને તો આશા રાખવાની જ
ન હોય કશાંની.

# લિ પો

વસન્તના પ્રભાતે ઝોકું આવી ગયું,
સવાર પડી ગઈ તેનો તો ખ્યાલ જ ન રહ્યો.

ચારે બાજુ ખુશખુશાલ પંખીઓનો
કિલકિલાટ કાને પડતો હતો.

મને થયું રાતે ઝંઝાવાત થયો હશે,
કોણ જાણે કેટલાં ય સુંદર ફૂલ ખરી પડ્યાં છે!

# લિ સિડ

હવે નસીબમાં આવો સારો દિવસ લખ્યો નથી.
એક ઘડી પછી
આપણો વદાય લેવાનો વિધિ પૂરો થશે.
વળાંક આગળ આવી પહોંચતાં જ
શું કરીશ તે સમજાતું નથી.
રસ્તાની બંને બાજુએ ધાન ભર્યાં ખેતર;
મારો હાથ તારા હાથમાં, હોઠે નહિ હરફ.
નાનાં નાનાં ધોળાં વાદળાં
દોડ્યાં જાય આકાશમાં;
વળી ક્યાંક જઈને એ બધાં ટોળે વળે.
ઝાંખો પવન સ્વર્ગમાં વહીને ભળી જાય.
આજ પછી હવે કેટલાય વખત સુધી
આપણે મળી શકવાનાં નહિ,
તેથી આવ, આવ આમ ને આમ ગુપચુપ
અહીં થોડી વધુ ક્ષણ ઊભા રહીએ.
ઇચ્છા થાય છે કે પ્રભાતની પાંખમાં લપાઈને
તારી સાથે ઊડી જાઉં

તું જ્યાં જવા નીકળી છે ત્યાં –
છેક ત્યાં સુધી.

# હિસયાંગ કાઓ

પેલી ઝાકઝમાળ બારી આગળ
બેઠેલાં બે જણ કોણ છે?
હું અને મારી છાયા – અમે બે માત્ર.

દીવા જ્યારે બુઝાઈ જશે,
જ્યારે સૂઈ જવાની વેળા થાશે
જ્યારે મારી છાયા સુધ્ધાં
મને તરછોડીને

મારાથી ક્યાંક દૂ...ર...દૂ...ર
લપાઈ જશે.

એવો દુઃખી છું હું, આવી છે મારી યાતના!

# જીવનાનન્દ દાસ

# અન્ધકાર

ઘેરા અન્ધકારની નિદ્રામાંથી નદીના ખળખળ શબ્દે
જાગી ઊઠ્યો ફરી;
નજર માંડીને જોયું તો પાણ્ડુર ચન્દ્રે વૈતરણીમાંથી એની
અધીક છાયા સંકેલી લીધી છે જાણે
કીર્તિર્નાશાની ભણી.

ધાનસિડિ નદીને કિનારે હું સૂતો હતો – પોષની રાતે –
હવે કોઈ દિવસ નહિ જાગું એમ માનીને.
કોઈ દિવસ નહિ જાગું – હવે કોઈ દિવસ નહિ જાગું –

હે નીલ કસ્તુરી આભાવાળા ચન્દ્ર,
તું દિવસનો પ્રકાશ નથી, ઉદ્યમ નથી, સ્વપ્ન નથી,
હૃદયમાં મૃત્યુની જે શાન્તિ અને સ્થિરતા છે,
જે અગાધ નિદ્રા છે
તેનો આસ્વાદ નષ્ટ કરવાની શલ્યતીવ્રતા તારી નથી,
તું પ્રદાહ પ્રવહમાન યન્ત્રણા નથી –

જાણતો નથી શું તું, હે ચન્દ્ર!

નીલ કસ્તુરી આભાવાળા ચન્દ્ર,
જાણતી નથી શું, હે મધરાત!
મેં ઘણા દિવસ –
ઘણા ઘણા દિવસ સુધી
અન્ધકારની સાથે અનન્ત મૃત્યુની જેમ શય્યા સેવી છે.
એકાએક સવારના પ્રકાશના મૂર્ખ ઉચ્છ્વાસે મને પૃથ્વીના
જીવ તરીકે ઓળખતો થયો છું ફરીથી;
ભય પામ્યો છું

પામ્યો છું અસીમ દુર્નિવાર વેદના,
જોયો છે રક્તિમ આકાશમાં જાગી ઊઠતા સૂર્યને
માનવી સૈનિકને વેશે પૃથ્વીના મોઢામોઢ ઊભા રહેવાનો
મને આદેશ દેતો;
મારું સમસ્ત હૃદય ઘૃણાથી – વેદનાથી – આક્રોશથી ભરાઈ ગયું છે.
સૂર્યના તાપથી આક્રાન્ત આ પૃથ્વી જાણે કોટિ કોટિ
સૂવરના આર્તનાદે ઉત્સવ શરૂ કરે છે,
હાય, ઉત્સવ!

હૃદયના અવિરલ અન્ધકારની અંદર સૂર્યને ડુબાડી દઈને
ફરી ઊંઘવા ઇચ્છું હું
અન્ધકારના સ્તનની અંદર યોનિની અંદર અનન્ત મૃત્યુની
જેમ ભળી જવા ચાહું છું.

કોઈ વારે ય મનુષ્ય હતો નહિ હું,
હે નર, નારી,
તમારી પૃથ્વીને મેં ઓળખી નથી કોઈ દિવસ;

હું અન્ય કોઈ નક્ષત્રનો જીવ નથી.
જ્યાં સ્પન્દન, સંઘર્ષ, ગતિ, જ્યાં ઉદ્યમ, ચિન્તન, કાર્ય,
ત્યાં જ સૂર્ય, પૃથ્વી, બૃહસ્પતિ, કાલપુરુષ, અનન્ત આકાશગ્રન્થિ,
શતશત શૂકરનો ચિત્કાર ત્યાં,
શતશત શૂકરીનો પ્રસવવેદનાનો આડમ્બર,
એ બધી ભયાવહ આરતિ!

ગભીર અન્ધકારની નિદ્રાના આસ્વાદે ઊછર્યો છે મારો આત્મા;
મને શા માટે જગાડવા ચાહો?
હે સમયગ્રન્થિ, હે સૂર્ય, માઘની મધરાતના કોકિલ, હે સ્મૃતિ,
હે હિમાળી હવા,
મને જગાડવા ચાહો છો શાને?

અરવ અન્ધકારની નિદ્રામાંથી નદીના ખળખળ શબ્દે હવે હું નહિ
જાગી ઊઠું;
હવે નહિ જોઉં કે નિર્જન વિમિશ્ર ચન્દ્રે વૈતરણીમાંથી
અધી છાયા સંકેલી લીધી છે કે નહિ
કીર્તિર્નાશાની ભણી,
ધાનસિડિ નદીને કિનારે હું સૂઈ રહીશ – ધીરે – પોષની રાતે
– કોઈ દિવસ જાગવાનો નથી એમ માનીને –
કોઈ દિવસ જાગીશ નહિ હું – હવે કોઈ દિવસ નહિ.

# પવનભરી રાત

ગભીર – પવનોભરી રાત હતી કાલે – અસંખ્ય નક્ષત્રોની રાત;
આખી રાત વિસ્તીર્ણ હવા મારી મચ્છરદાનીમાં ખેલતી હતી;
મચ્છરદાની કદીક ફૂલી ઊઠી'તી મોસમી સમુદ્રના પેટની જેમ.
કદીક બિછાનું ભેદીને
નક્ષત્રો ભણી ઊડી જવા ચાહતી'તી;
કદીક કદીક મને એમ લાગતું હતું – અર્ધી ઊંઘમાં હોઈશ ત્યારે જ કદાચ–
જાણે માથા પર મચ્છરદાની નથી,
સ્વાતિ નક્ષત્રને ઘસાઈને નીલ હવાના સમુદ્રમાં ધોળા બગલાની જેમ એ–
ઊડી રહી છે!
એવી અદ્‌ભુત રાત હતી કાલની.

સમસ્ત મૃત નક્ષત્રો કાલે જાગી ઊઠ્યાં હતાં – આકાશમાં તલ માત્ર જગ્યા
ખાલી નહોતી;
પૃથ્વીના સમસ્ત ધૂસર પ્રિય મૃતજનોનાં મુખ એ નક્ષત્રોમાં જોયા છે મેં.
અંધારી રાતે પીપળાની ટોચે પ્રેમી નર-સમડીની શિશિરભીની આંખની જેમ
ટમટમતાં હતાં સમસ્ત નક્ષત્રો;
ચાંદની રાતે બેબિલોનની રાણીના ખભા પરની, ચિત્તાના ચકચક થતા

ચામડાની, શાલની જેમ ચમકતું હતું વિશાલ આકાશ!
એવી અદ્‌ભુત રાત હતી કાલની.

જે નક્ષત્રો આકાશને વક્ષે હજારો વર્ષો પહેલાં મરી ચૂક્યાં હતાં
તે બધાં પણ કાલે બારીમાં થઈને અસંખ્ય મૃત આકાશને સાથે
લઈને આવ્યાં હતાં;
જે રૂપસુન્દરીઓને મેં એસિરિયામાં, મિસરમાં, વિદિશામાં મરી જતી જોઈ છે
તેઓ કાલે અતિદૂર આકાશના છેડા પરના ધુમ્મસમાં લાંબા ભાલા
હાથમાં લઈને હારબંધ ઊભી રહી ગઈ હતી જાણે –
મૃત્યુને દલિત કરવાને?
જીવનનો ગભીર જય પ્રગટ કરવાને?
પ્રેમનો ભયાવહ ગમ્ભીર સ્તમ્ભ ઊભો કરવાને?
સ્તમ્ભિત – અભિભૂત થઈ ગયો હતો હું,
કાલ રાતના પ્રબળ નીલ અત્યાચારે મને છિન્નવિચ્છિન્ન કરી નાખ્યો હતો જાણે;
આકાશની વિરામહીન વિસ્તીર્ણ પાંખની અંદર
પૃથ્વી કીટની જેમ ભુંસાઈ ગઈ હતી કાલે!
અને ઉત્તુંગ પવન આવ્યો હતો આકાશના વક્ષેથી ઊતરીને
મારી બારીની અંદર થઈને સાંય સાંય કરતો,
સિંહના હુંકારથી ઉત્ક્ષિપ્ત હરિત પ્રાન્તરના અજસ્ર જિબ્રાની જેમ!

હૃદય ભરાઈ ગયું છે મારું વિસ્તીર્ણ ફેલ્ટના હરિયાળા ઘાસની ગન્ધે,
દિગન્ત પ્લાવિત બલિયાન આતપની ગન્ધના ગ્રહણે,
મિલનોન્મત્ત વાઘણની ગર્જના જેવા અન્ધકારના ચંચલ વિરાટ
સજીવ રોમશ ઉચ્છ્વાસે
જીવનની દુર્દાન્ત નીલ મત્તતાએ!

મારું હૃદય પૃથ્વીને છેદીને ઊડી ગયું,
નીલ હવાના સમુદ્રે સ્ફીત મત્ત બલૂનની જેમ ઊડી ગયું,
એક દૂરના નક્ષત્રના કૂવાથંભને તારાએ તારાએ ઉડાવી લઈ ગયું
કોઈ દુર્દાન્ત પંખીની જેમ.

# નગ્ન નિર્જન હાથ

ફરી વાર અન્ધકાર ગાઢ થઈ ઊઠ્યો છે:
પ્રકાશની રહસ્યમયી સહોદરાના જેવો આ અન્ધકાર.

જેણે મને ચિરદિન ચાહ્યો છે
ને છતાં જેનું મુખ મેં કોઈ દિવસ જોયું નથી,
તે નારીના જેવો
ફાગણના આકાશે અન્ધકાર નિબિડ થઈ ઊઠ્યો છે.

યાદ આવે છે કોઈક વિલુપ્ત નગરીની વાત
એ નગરીના એક ધૂસર પ્રાસાદની છબિ જાગી ઊઠે છે ઉરે.
ભારતસમુદ્રને તીરે
કે ભૂમધ્યસમુદ્રને કિનારે
અથવા ટાયર સિન્ધુને કાંઠે
આજે નહિ, કોઈ એક નગરી હતી એક દિવસ,
કોઈ એક પ્રાસાદ હતો;
મૂલ્યવાન અસબાબથી ભરેલો એક પ્રાસાદ

ઇરાની ગાલીચા, કાશ્મીરી શાલ, બેરિન તરંગના સુડોળ મુક્તા પ્રવાલ,
મારું વિલુપ્ત હૃદય, મારી મૃત આંખો, મારાં વિલીન સ્વપ્ન-આકાંક્ષા,

અને તું નારી –
આ બધું જ હતું એ જગતમાં એક દિવસ.
ખૂબ ખૂબ નારંગી રંગનો તડકો હતો,
ઘણા બધા કાકાકૌઆ ને પારેવાં હતાં,
મેહોગનીનાં છાયાઘન પલ્લવો હતાં ખૂબ ખૂબ;

પુષ્કળ નારંગી રંગનો તડકો હતો,
પુષ્કળ નારંગી રંગનો તડકો;
ને તું હતી;
તારા મુખનું રૂપ શત શત શતાબ્દી મેં જોયું નથી,
શોધ્યું નથી.

ફાગણનો અન્ધકાર લઈ આવે છે એ સમુદ્ર પારની કથા,
અદ્‌ભુત ખિલાન અને ગુંબજોની વેદનામય રેખા,
લુપ્ત નાસપતિની વાસ,
અજસ્ર હરણ અને સિંહના ચામડાંની ધૂસર પાણ્ડુલિપિ,
ઇન્દ્રધનુ રંગની કાચની બારીઓ,
મોરના કલાપના જેવા રંગીન પડદા પછી પડદા પાછળ
એક પછી એક અનેક દૂર દૂરના ઓરડાઓનો
ક્ષણિક આભાસ –
આયુહીન સ્તબ્ધતા અને વિસ્મય.

પડદા પર, ગાલીચા રતુમડા તડકાનો વિખરાયેલો સ્વેદ,

રાતા જામમાં તરબૂજનો મદ!
તારો નગ્ન નિર્જન હાથ;

તારો નગ્ન નિર્જન હાથ.

# હું જો હોત

હું જો હોત વનહંસ,
વનહંસી હોત જો તું;
કોઈ એક દિગન્તે જલસિંડિ નદીને કાંઠે.
ધાનનાં ખેતરોની પાસે,
ઊંચા ને પાતળા બરુ વચ્ચે
એક એકાન્ત માળામાં;
તો આજે આ ફાગણની રાતે,
સરુની શાખા પાછળ ચન્દ્રને ઊગતો જોઈને
આપણે નીચાણવાળા ભાગના જળની ગન્ધ છોડીને
આકાશના રૂપેરી ધાન વચ્ચે અંગને વહાવી દીધાં હોત–
તારી પાંખમાં મારું પીંછું, મારી પાંખમાં તારા રક્તનું સ્પન્દન–
નીલ આકાશે ધાનનાં ખેતરનાં સોનેરી ફૂલો જેવા સહસ્ર તારા,
શિરીષવનના હરિયાળા રોમશ માળામાં
સોનાના ઇંડા જેવો
ફાગણનો ચન્દ્ર.
કદાચ ગોળી છૂટવાનો અવાજ:
આપણો તિર્યક્ ગતિસ્રોત,

આપણી પાંખોના પિસ્ટનનો ઉલ્લાસ,
આપણા કણ્ઠે ઉત્તરની હવાનું ગીત.
કદાચ ફરી વાર ગોળી છૂટવાનો અવાજ;
આપણી સ્તબ્ધતા,
આપણી શાન્તિ.
આજના જીવનનું આ ટુકડો ટુકડો મૃત્યુ ના રહ્યું હોત;
ના રહ્યાં હોત આજના જીવનના અરમાનોની ટુકડો ટુકડો વ્યર્થતા અને અન્ધકાર.

હું જો વનહંસ હોત,
વનહંસી હોત જો તું;
કોઈ એક દિગન્તે જલસિડિ નદીને કાંઠે
ધાનનાં ખેતરો પાસે.

# ઘાસ

કૂણાં લીંબોઈનાં પાંદડાંના જેવા નરમ લીલા તડકાથી
પૃથ્વી ભરાઈ ગઈ છે આ સવારવેળાએ;
કાચા લીંબુના જેવું લીલું ઘાસ – તેવું જ સુવાસિત –
હરણો દાંત વડે તોડે છે એને!

મને ય થાય છે કે આ ઘાસની વાસ મદિરાની જેમ
જામ પર જામ ભરીને પીધે રાખું,
આ ઘાસનું શરીર ઉપભોગ્ય – આંખે આંખ ઘસું,
ઘાસની પાંખે મારાં પીંછાં.
ઘાસની અંદર ઘાસ થઈને જન્મું એક નિબિડ
ઘાસ-માતાના શરીરના સુસ્વાદુ અન્ધકારમાંથી અવતરું.

# બિલાડી

આખો દિવસ હરતાં ને ફરતાં એક બિલાડી નજરે ચઢે છે:
ઝાડની છાયામાં, તડકાની અંદર, બદામી પાંદડાંની ભીડ વચ્ચે;
ક્યાંક એકાદ ટુકડો માછલીના કાંટાની સફળતા પછી
ત્યાર બાદ સફેદ માટીના હાડપિંજરની અંદર
પોતાના હૃદયને લઈને મધમાખીની જેમ નિમગ્ન થયેલી હું જોઉં છું;
પણ તો ય ત્યાર બાદ કૃષ્ણચૂડાને અંગે નહોર ભરે છે,
આખો દિવસ સૂર્યની પાછળ પાછળ ફર્યા કરે છે એ.

એક વાર એ નજરે ચઢે
ને વળી ક્યાંય ખોવાઈ જાય.

હેમન્તની સન્ધ્યાના કેસરી રંગના સૂર્યના નરમ શરીરે
ધોળો પંજો પસારી પસારીને ગેલ કરતી જોઉં છું એને;
ત્યાર પછી અન્ધકારને, નાના નાના દડાની જેમ, પંજાથી
તરાપ મારીને પકડી લાવે છે એ,
સમસ્ત પૃથ્વીની અંદર વિખેરી દે છે.

# આ બધું ય સારું લાગે

(આ બધું ય સારું લાગે): બારીની તરડમાંથી સવારનો સોનેરી તડકો આવે
મને એ ઊંઘતો જુએ પથારીમાં – મારી આર્ત આંખ,
મારા આ વિષણ્ણ મ્લાન કેશ –
એની સાથે ગેલ કરે; જાણે છે એ બહુ દિન પહેલાં મેં જે કરી હતી ભૂલ
જગતની સહુથી વિશેષ ક્ષમાહીન ગાઢ રૂપાંદેનું મુખ ચાહવાની;
પોષની આ શેષ રાતે આજે ય હું જોયા કરું ફરી વાર મારા દેશે
આવી છે એ? રંગ એનો કેવો તે તો જાણે છે આ તસતસ ભીનું જામરુલ
નરમ જામના જેવા વાળ એના, હોલાની છાતીના જેવી આંગળી અસ્ફુટ
પોષની આ શેષ રાતે ઘુવડની સાથે વહી આવે છે એ

ક્યારેકનો મૃત કાક; પૃથ્વીના મારગ પરે એ તો નથી આજે;
ને છતાં મ્લાન એ બારીની પાસે ઊડી આવે નીરવ સોહાગે,
મલિન બે પાંખો એની, ઘાસે છાયા છાપરાનાં, હિમ શિશિરે છે આંજી
ત્યારે તો આ પૃથ્વી પરે કોઈ પંખી જાગી બેઠું નો'તું શાખા પરે
પૃથ્વી સુધ્ધાં નો'તી – આખી રાત જાગ્યા કરે માત્ર એકાકી એ કાક,
'મારું શું જવાનું હતું, એને જો ના ફરી કદી અહીં પામું?'

# નારંગી

એક વાર જ્યારે આ દેહની બહાર ચાલ્યો જઈશ
વળી શું પાછો નહિ આવું આ પૃથ્વી પર?

વળી પાછો આવી શકું
કોઈ એક શિયાળાની રાતે
એક ઠંડી નારંગીનું કરુણ માંસ લઈને
કોઈ એક પરિચિત મુમૂર્ષુના બિછાનાને કિનારે.

# હરણ

સ્વપ્નમાં જ કદાચ – ફાગણની જ્યોત્સ્નાની અંદર
મેં જોયાં પલાશના વનમાં ક્રીડા કરતાં

હરણો; રૂપેરી ચન્દ્રનો હાથ શિશિરે પણીમાં;
પવન પાંખ ખંખેરે, – મોતી ખરી જાય

પલ્લવોની વચ્ચે વચ્ચે – વને વને – હરણની આંખે;
હરણો ક્રીડા કરે હવા અને મોતીના પ્રકાશમાં.

હીરાનો પ્રદીપ પ્રગટાવી શેફાલિકા બસુ જાણે હસે
હિજલની ડાળની પાછળ અગણિત વનના આકાશે–

વિલુપ્ત ધૂસર કોઈક પૃથ્વીની શેફાલિકા, અહા,
ફાગણની જ્યોત્સ્નાએ હરણો જ માત્ર ઓળખે એને.

પવન પાંખ ખંખેરે, હીરા ઝરે હરણોની આંખે –
હરણો ક્રીડા કરે હવા અને હીરાના પ્રકાશે.

# સાંજ ઢળે

સાંજ ઢળે – ચારે બાજુ શાન્ત નીરવતા;
ખડ મુખે લઈ એક પંખી જાય ઊડ્યું ગુપચુપ;
ખેતરને રસ્તે થઈ ચાલી જાય ધીરે ધીરે બળદગાડી
આંગણું ભરાઈ ગયું સોનેરી ઘાસના ઊંચા ગંજે.

હોલા આખા જગતના ઘૂ ઘૂ કરે હિજલના વને
જગત આખાનું રૂપ વળગ્યું છે ઘાસે
જગત આખાનો પ્રેમ આપણા બે જણ તણા ઉરે
આકાશ છે વિખેરાયું શાન્તિ થઈ આકાશે આકાશે.

# એક દિન

એક દિન પૃથિવીના પથ પરે ફર્યો છું હું; આ મારું શરીર
નરમ ઘાસને પથે ભમ્યું છે; બેઠું છે ઘાસની પર,
જોયાં છે નક્ષત્રો એને આગિયાની જેમ કૌતુકના અમેય આકાશે
ક્રીડા કરે; નદીનાં જળની ગન્ધે પૂર્ણ થાય આર્દ્ર સ્નિગ્ધ તીર
અન્ધકારે; પથે પથે શબ્દ સુણું કોઈકની નરમ સાડીનો,
મ્લાન કેશ રેખા દિયે; સાન્ત્વનાની વાત લઈ કોણ પાસે આવે
ધૂસર ખડીના હાથ જેવા હાથ એના – નગ્ન હાથ સન્ધ્યાના પવને
દેખા દિયે; હળદી ઘાસની પાસે મૃત હિમ પતંગિયાતણી
સુન્દર કરુણ પાંખ પડી રહે – જોઈ છે મેં; ચૂપ ઊભા રહી;
આકાશે નારંગી રંગ ફૂટી ઊઠે સાંજે – કાગડાઓ નીલ ભાસે;
અનેક લોકની ભીડે ડૂબી જાઉં – બોલ્યે જાઉં – હાથે હાથ રાખી;
કરુણ વિષણ્ણ કેશે કોઈ જાણે ક્યારેકનો ગભીર વિસ્મય
સંતાડી બેઠું છે અહીં... નક્ષત્રની નીચે સૂતો રહું હું એકાકી;
ઘુવડની ધૂસર બે પાંખ આખી રાત કરે વાત આગિયાની સાથે.

# ઘાસતણા વક્ષથી

ઘાસતણા વક્ષથી હું ક્યારે પામ્યો મારું આ શરીર –
હરિત આ ઘાસ થકી; તેથી તાપ સારો લાગે – તેથી નીલાકાશ
મૃદુ ભીનું ને કરુણ મને લાગે; – પથેપથે તેથી તો આ ઘાસ
જળ સમું સ્નિગ્ધ લાગે; –મધમાખીઓનો જાણે માળો
આ જ ઘાસે;– જેમ જેમ જઉં દૂર, વળી દૂર પૃથિવીના
નરમ ચરણ તલે કેટલીય કુમારીના વક્ષના નિઃશ્વાસ
કથા કહે – એમના એ શાન્ત હાથ ક્રીડા કરે – એમની ગૂંથેલી લટ
છૂટી જાય – ધૂસર સાડીની વાસે આવે એઓ – અનેક નિબિડ
પુરાણી પ્રાણની કથા કહ્યે જાય – હૃદયની વેદનાની કથા –
સાન્ત્વનની નિર્ભૃત નરમ કથા – મેદાનના ચન્દ્રની કરે વાત –
આકાશના નક્ષત્રની કરે વાત; શિશિરની શીત સરળતા.
એમને તો ખૂબ ગમે – ધુમ્મસે ય સારું લાગે આંખોની ઉપર,
ગરમ વૃષ્ટિનું ટીપું સારું લાગે; શીત રાતે – ઘુવડની નમ્રતા;
બહુ ગમે આખી રાત પીપળા ને આંબાતણાં પાંદડાં જે ખર્યાં કરે.

# વિન્દા કરન્દીકર

# દાદરા

અંગ ગટકાવી જતી આંખો રંગની મસ્તીને શરણે જાય છે,
શિયાળામાં દાડમની ડાળ પરનું અનોખું પંખી
ઊડતાં ઊડતાં ખીલે છે, ગેયશાના ગાલ પાસેના પંખા જેવું,
એવે વખતે દાદરામાં મસળીને તને પીનારા મારા હોઠ છ માત્રાના હોય છે.
કવખત થયા વિના ક્ષણ આવતી નથી; પછી વાસના
ગન્ધગૂઢ થાય છે. બેભાન થયેલો તારો નીચલો હોઠ
મારા આકાશમાં સમાતો નથી; અને શિયાળો મોર થઈને
નાચવા લાગે છે, તારી મોંફાડની જાસૂદી નીચે.

ત્યારે આંખો મોરપિચ્છ બને છે; તારો અન્ધકાર સ્તનાકાર હોય છે;
તેને અંજલિમાં પૂજનારા તીર્થંકર હાથ મારા હોય છે:
એ મારું એકાન્ત છ માત્રાનું હોય છે.

વસન્ત વૃષભની જેમ શિશિરને સૂંઘતો આવે છે;
ફૂલોને પુષ્ટતાનો જુસ્સો હોય છે; પાંખડી પાંખડીએ
અસહ્ય ક્ષણોની વાસ આવે છે; જ્યારે તારાં

પૃથ્વીને ગળી જનારાં નિતમ્બ હરિયાળી પર હિલ્લોળે છે...
તારા અભોગીને દાદરાના સમભાવભર્યા આલંગિનની અપેક્ષા રહે છે.

# સુધીન્દ્રનાથ દત્ત

# શોધ

શોધ્યા કરું અહનિર્શ મને.

પણ જેનો સ્પર્શ પામું, નિગૂઢ વિશ્રમ્ભાલાપ સુણું,
તેને નથી શોધતો હું.
એ તો છે વાચાળ હૃદય
બહુરૂપી, બહુભાષી, બહુવ્યવસાયી,
જેની સાથે નથી આત્મીયતા
સ્વચ્છન્દ દેહની કે સ્વતન્ત્ર બુદ્ધિની ય;
જે અધીર
પૃથ્વીના પૃથુલ ખોળે શાન્ત પડી રહી શકે નહિ;
જેની સ્વપ્નસેના
અલીક સ્વર્ગનું દ્વાર ઠોકવાને દોડી જાય વારેવારે
જ્યોતિષ્માન બ્રહ્માણ્ડની શૂન્યમય ખાઈને કિનારે
જ્યહીં એનો પ્રતિનિધિ, ક્રૂર ભગવાન,
ભૂલીને સમ્રાટનિષ્ઠા, અગોચર સામન્તસમાન,
અનાદિ નીરવે બેસી નિજ ધૂને
ચક્રાન્તની ઊર્ણજાલ વણે.

હું ચાહું છું જેને
તેમાં નથી ભેદ, નથી દ્વન્દ્વ, નથી દેશ-કાલ
ને તેનાં શરીર બુદ્ધિ, મનીષામનન
શિલ્પ-ઉપાદાન-સમ અખિલાઈ કરે સરજન;
અવિકલ, સિદ્ધ, સ્વયંવશ,
નિ:શંક એ અપમાને, શોધતો ના ફરે યશ;
એ કેવળ નિલિર્પ્ત ભ્રમણે
પૂર્ણ કરે ભગ્ન વૃત્ત; નિરાસક્ત પ્રભાવિકીરણે
કરાવે દિશાનું ભાન અમાગ્રસ્ત નિ:સંગ કો નાવડીને;
નિષ્કામ ઉદ્દીપ્તિ એની
રૂપવતીતણી કરે પૂજા–આરતિ;
કુરૂપાની કુત્સિત વસતિ
માયાપુરી થઈ ઊઠે નૈર્વ્યક્તિક એના અનુરાગે;
વ્યાધિ, મૃત્યુ, જરા – ડરે નહિ કશાંથી ય;
ચિતાના સ્ફુલંગિ વડે જીવનની દીપપરમ્પરા
પ્રકટાવે નિર્વિવાદ નિર્વાણની પહેલાં.

અક્ષય મનુષ્યવટ નિવિર્કાર જે પ્રાણપરાગે
નિત્ય વિકસતો રહે આશુક્લાન્ત નિવિર્શેષ ફલે,
એ અનામી ચિરસત્તા શોધું છું હું મારા અતલે.

# હેમચન્દ્ર બાગચી

# 'સ્વપ્નો નુ, માયા નુ, મતિભ્રમો નુ'

દરરોજ રાતે હંસપદિકાનું ગીત સુણું
વિરહિણી હંસપદિકા –
બહુવલ્લભ દુષ્યન્તની શુદ્ધાન્તવિહારિણી.
સ્વપ્ને હું ચાલી જાઉં કાલિદાસના યુગે
જ્યારે નદીકાન્તારનગરીએ સમાચ્છન્ન સમૃદ્ધ ભારતવર્ષ
કવિનું કાવ્ય જ્યારે મેઘલોકથી તે માટીની પૃથ્વીને
પ્રિયાના પદનખ સાથે સરખાવવાને અધીર–
સ્વપ્ને હું એ કાળમાં પહોંચી જાઉં
ને ગીત સુણું હંસપદિકાનું –
રાજઉપવને વિરહિણી નારીનું મૃદુ ગુંજન
મને થાય આ તે સ્વપ્ન કે માયા કે મતિભ્રમ?

દરરોજ રાતે હું મારી પ્રિયતમાનું ગીત સુણું
પ્રોષિતભર્તૃકા પ્રિયતમા –
ઘરની બારી પાસે મીટ માંડીને બેઠેલી કલ્યાણી વધૂ –
સ્વપ્ને હું ઊતરી આવું આધુનિક કાળે
જ્યાં પીડાજર્જર ત્રસ્ત જીવને અવસર દુર્લભ,

કવિના કાવ્યમાં હવે રહી નથી પ્રિયા,
પ્રિયાનો પદનખ હવે સમ્માનિત થતો નથી કાવ્યમાં
વૈવિધ્યપૂર્ણ સુન્દર ઉપમાએ અને અલંકારે; –
ત્યારે હું ગીત સુણું –
ભીત દાસ જીવનનું ગાન –
પથ્થરોમાં અને તપેલી રણની રેતીમાં
દુ:ખિની પ્રિયતમાના મુખની રેખા આંકું,
મને થાય: આ તે વિરહ કે મિલન કે મૃત્યુ!

# સમર સેન

# મુક્તિ

હિંસ્ર પશુની જેમ અન્ધકાર આવ્યો –
ત્યારે પશ્ચિમનું ઝળકતું આકાશ રાતી કરેણના જેવું લાલ:
એ અન્ધકારે માટીમાં આણી કેતકીની ગન્ધ,
રાત્રિનાં અલસ સ્વપ્ન
આંકી દીધાં કોઈકની આંખોમાં.
એ અન્ધકારે પ્રગટાવી દીધી કામનાની કમ્પિત શિખા
કુમારીના કમનીય દેહે.

કેતકીની ગન્ધે દુર્દમ્ય,
આ અન્ધકાર મને શી રીતે સ્પર્શશે?
પહાડની ધૂસર સ્તબ્ધતાએ શાંત હું,
મારા અન્ધકારે હું
નિર્જન દ્વીપની જેમ સુદૂર, નિઃસંગ.

# અર્ચન દાસગુપ્ત

# સૂરજકુંડ*

લીંબુની છાલના જેવી અમસૃણ માટીની દીવાલે
નારંગી રંગનો તાપ ભુંસાયો, ને સ્તૂપાકાર ઘાસે
સુવર્ણના ગુચ્છે ગુચ્છ મ્લાન થયા, પથના સિંદુરે
બલિષ્ઠ મજૂર યુવા, અપૂરતા કટિવસ્ત્રે એના
શિશ્નનો સંકેત, ચાલી જાય ગ્રામાન્તરે કન્યા,
કાંચળીના છિદ્રપથે પુષ્ટ કાળી અંગુરના જેવી
એક સ્તનતણી ડીંટી; પાછો ફર્યો ઊંટ હાંકનાર
વિષણ્ણ સંગીત એનું દૂરે; આકાશમાં હળ ખેડી
ઉખાડેલા મેઘ-પોપડાની નીચે જાય હાર બગલાની
સૂરજ કુંડની પરે આ રાત્રિની પેઠે.

એકાન્તે આ પૃથ્વીના જન્મમૃત્યુ મૈથુન સંગમે
નિર્વાણના પથે જાય સ્ત્રીપુરુષ અને સમકામી,
પશુની ઉષ્ણતા લઈ અપાર્થિવ સન્ધ્યાસમે અહીં
અમારી નિકટે આવી ઊભો રહે સુન્દર ઈશ્વર.

1

1. * દિલ્હીમાં કુતુબમિનારની દક્ષિણે આવેલું જૂના સ્થાપત્યવાળું તળાવ.

# અજિત દત્ત

# એક કાવ્યખણ્ડ

માલતી, આ મન તારું નદીના પ્રવાહ જેવું ચંચલ ઉદ્દામ;
માલતી, હું એના પર લખી જાઉં મારું નામ.
જાણું કે આ પૃથિવીમાં કશું ય ના રહે;
શુક્લકૃષ્ણ બેઉ પાંખ વિસ્તારીને મહાશૂન્યતાએ
કાલ—વિહંગમ ઊડી જાય
અવિશ્રાન્ત વેગે.
પાંખની ઝાપટે એની હોલવાય ઉલ્કાના પ્રદીપ,
લાખ લાખ સૂર્ય તણો જ્યોતિ.
હું છું એ જ વાયુસ્રોતે ખરી ગયા પિચ્છ સમ
આકાશના શૂન્ય નીલે મારાં કાવ્ય લખું અવિરત;
એ આકાશ તે તારું અન્તર,
માલતી, તારા મને મૂકી જાઉં હું મમ સ્વાક્ષર.

# વિષ્ણુ દે

# અભીપ્સા

આ આકાશ ભૂંસી નાંખો આજે.
અન્ધકારે રાત્રિ લીંપી દિયો,
જ્યોત્સ્ના ડુબાડી દો અનિદ્રાની ઘન કાલિમામાં.
ઢાંકી દિયો બંને આંખ, પવનનો વ્યૂહ ભેદી નાંખી
રાત્રિના ઘૂમટાઘેર્યા સમુદ્રનો પદક્ષેપ ધ્વનિ
ઢાંકી દઈ આવો દ્રુત પદે
રુંધી દઈ નિ:શ્વાસ પ્રશ્વાસ
નિ:શબ્દ ચરણપાતે.

સ્થિરતા – નિસ્તબ્ધ અન્ધકારે
અનિદ્રાના શૂન્યે થાઓ નિરાલમ્બ
આપણી શુભદૃષ્ટિ.
પૃથિવીને ચૂર્ણ ચૂર્ણ કરી
આકાશે વિખેરી નાંખી ચાલ્યા આવો અન્ધકારે
મારામાં જ આજે.

# પ્રમથનાથ બિશી

# અનિર્વચનીયા

પેલે પારની ગિરિમાળાઓમાં, અને આકાશના પ્રકાશમાં,
આખો દિવસ આ શી લીલા!
પંખીના ગાને ચોરપગલે
પ્રકાશ આવે,
ખોલી નાંખે એનો નીલ ઘૂમટો,
વેરાઈ જાય ચપળ હાસ્ય
બીડેલા હોઠને કોઈ ખૂણે,
કાળી આંખોને કાંઠેકાંઠે,
આખો દિવસ આ શી લીલા!

વળી કદિક પ્રકાશ આવે છે ગુપચુપ,
તન્દ્રાના ઘેનમાં પડેલી નિઃસ્તબ્ધ બપોરની
નિઃશબ્દતાને તાલે તાલે,
એકાએક એને માથે પહેરાવી દે મયૂરકણ્ઠી વસ્ત્ર
મેઘની પૂણીમાંથી ચન્દ્રને ચરખે વણેલું.
પ્રકાશ આવે,
ગિરિમાળાના મુખ પરનો ભાવ કેવો અપ્રત્યાશિત,

આખો દિવસ આ શી લીલા!
તો કોઈ વાર દેખું વાદળોની વચ્ચેથી
ગિરિના મસ્તક પર ખરી રહ્યાં છે પ્રકાશનાં ફૂલ
આખી ઉપત્યકા એનાથી ભરાઈ જાય છે,
ઝળહળી ઊઠે છે નદીનાં જળ,
વનસ્થલી બની ઊઠે છે આભામય.
હરિયાળી શ્યામલ સોનેરી નીલિમાએ
ક્ષણેક્ષણ આ કેવું ઓઢણીનું અપસરણ!
કેટલા રંગ છે પ્રકાશના,
કેટલી ચૂંદડી છે ગિરિમાળાની!
ફિક્કા પ્રકાશથી તે ઘેરા પ્રકાશની વચ્ચે
આ કોણ સરગમ છેડી દે છે
રંગ રંગે!
આંખ પકડી શકે નહિ ક્યાં એનો આદિ ને ક્યાં એનો અન્ત!
કેવી રીતે કહું એનું નામ,
પ્રકાશ અને ગિરિમાળા વચ્ચે
આખો દિવસ આ શી લીલા!

ચાંદની રાતે પ્રકાશ આવે
શ્વેત મયૂરનો કલાપ ખોલીને
ગિરિમાળા ત્યારે એમાં ભળી જવાની અણી પર.
નિ:શબ્દ, નિર્જન પૃથ્વી જાણે
કોઈ ચન્દ્રલોકનો છેડો,
વનની ઘેરી કાળાશ પર પડે છે
અવિશ્વાસનું શ્વેત આચ્છાદન.
આકાશની શુભ્રતા અને પૃથ્વીની કાલિમા

એ બે કાંઠાની વચ્ચે ડૂબી ગયા છે બધા રંગ,
દિવસનો બધો વૈભવ
રંગનું આ તે કેવું નિર્વાણ!
આખો દિવસ બેઠો બેઠો જોયા કરું હું
આખો દિવસ અને આખી રાત.
ગિરિ અને પ્રકાશ વચ્ચે આ તે શી લીલા!
રંગે રંગે આ શી માળાની અદલાબદલી,
પૃથ્વીમાં આટલા બધા રંગ શાને તે કોણ જાણે?
હળવા જાંબુડી રંગની ધૂમિલ મલમલ
નાંખે છે આવરણ.
આ ચાલ્યાં જતાં વાદળની નીલ છાયાનું
ચંચલ કૌતુક
અને
આ ગોધૂલિનું પાનેતર ગિરિમાલાના સીમાન્તને
ઢાંકી દે ગુણ્ઠનથી,
આ બધું શા માટે તે કોણ જાને?
કેવળ મારું મન બહેલાવવાને
આટલું આયોજન?
પ્રકાશછાયાનું આ પાણિગ્રહણ?
રંગની સાથે રંગનો મેળ?
આ દિગન્તવ્યાપી ભૂમિકાનું લક્ષ્ય
આ ક્ષુદ્ર હું?
મન કહે: ના, કદાપિ નહીં.
એ લોકો એમની ધૂનમાં મસ્ત
એમને મારી કશી પડી નથી.

હું મારી તાનમાં
અમે એકબીજાથી નિરપેક્ષ
તો પછી રંગો આટલા રંગીન કેમ?
આકાશ આટલું સુંદર કેમ?
પૃથ્વી કેમ આટલી બધી મોહાંજનમય?

તારા ભણી જોતાં જ
જાણે ઉત્તરનો આભાસ મળે.
તારાં મુખે આંખે કપાળે
તારા પાલવની માલિનીમાં
તારા કુન્તલના ભુજંગપ્રપાતમાં
તારા કણ્ઠની સ્રગ્ધરામાં
તારા ચરણોની મન્દાક્રાન્તામાં
તારા લલાટના વસન્ત–તિલકમાં
અને
તારા વક્ષના શિખરિણી છન્દે
એનો સદુત્તર જાણે લખ્યો છે,
હે સુન્દરી,
તું આ વિશ્વકાવ્યની
અનિર્વચનીયા મનોરમા ટીકા.
તને જોતાં આ બધું કંઈક સમજાય છે ખરું.

# બુદ્ધદેવ બસુ

# પ્રેમી

તાજાં તાજાં માખણ શી કાયા તારી! જાણું, એની
પાછળે, તો આખરે છે કુત્સિત કંકાલ
(અયિ કંકાવતી!)
મૃત-પીત વર્ણ એનો;
ખડી શી સફેદ શુષ્ક અસ્થિશ્રેણી
જાણું, એ છે શેની મૂતિર્? નિ:શબ્દ, બીભત્સ એક રુક્ષ અટ્ટહાસ્ય–
નિદારુણ દન્તહીન વિભીષિકા.

તાજાં તાજાં માખણ શી કાયા તારી! જાણું એની પાછળે
તો રહ્યું છે કઠોર પેલું ચોકઠું;
હરિણશિશુના જેવી કરુણ આંખોની પછીતે
વ્યાધિગ્રસ્ત ઉન્માદના દુ:સ્વપ્નની જેમ.

તો ય તને ચાહું
તાજાં તાજાં માખણ શી કાયા તારી
સ્પર્શવાને અગાધ અભિલાષ, હિંમત ના ચાલે
સિન્ધુગર્ભે ફૂટે કાંઈ કેટલાં અદ્‌ભુત કુસુમ,

તેના જેવું તારું મુખ, એના ભણી તાકવાનું
બહાનું શોધી શકું ના હું.
થાતું મને: લાવ કાંઈ બોલું: આકુળવ્યાકુળ કરે
કાંઈ કેટલી ય વાતો ઘુમરાય મારા રક્તે
(અયિ કંકાવતી!)

ઘડીભર તાકું જો હું તારા મુખ ભણી
પૃથ્વી હચમચી ઊઠે, શબ્દો ક્યાંના ક્યાં ખોવાય
શોધ્યા ય ન જડે!
તેથી દૂર થકી જોઈ ચાલ્યો આવું;
(જો હું પાસે જાઉં તો તારું આ રૂપ તે અતૂટ રહે ખરું?)
પાછો ચાલ્યો આવું,
દૂર થકી ચાહ્યા કરું તારી કાયા –
રાતના ધૂસર ગોચરે રડ્યાખડ્યા
વડ કેરાં પાંદડાં
ટપ ટપ શિશિરનું ઝર્યે જવું
ચાહ્યા કરે નીરવે જે રીતે.

મને પ્રેમ દેવા ચાહે! પ્રેમથી તું ભોળવીશ મારું મન?
તું છે નારી, કંકાવતી, ક્યાંથી તું લાવીશ પ્રેમ?
મને એનું કરીશ ના દાન,
નથી જેમાં તારું પોતાપણું.
ઉછીના લીધેલા દ્રવ્ય તણો મને નથી લોભ;
એ ઋણનો ભાર
વધતો જ જશે દરરોજ
આખરે એ કરી દેશે તારો સર્વનાશ.

એ ઋણને વાળવાને દ્રૌપદીની બધી સાડી ઉતારી આપવી જોશે.
સભામહીં, મારી દૃષ્ટિપરે
નિતાન્ત નિરાવરણા, દરિદ્ર, સહજ
તારે ઊભા રહેવું જોશે; રહેશે ના પછી
રહસ્યની અતીન્દ્રિય ઇન્દ્રજાળ.

છોડી દે ને કરવો તું ઢોંગ પ્રેમ કેરો – એ જ વધુ સારું.
દૂર થકી જોઈ મુગ્ધ થૈશ
તો યે મુગ્ધ થૈશ.
ભલે ને તું ના પિછાને મને. હું જ તને ચાહ્યા કરું
તો ભલે ને.
એ વાતને તારે કાને બહુ સૂરે રટવાને ચાહું ના;
એ જે મારો પ્રેમ – સમજી શકીશ એને તું કદિ ય ના.

તો ય ઘડી માની લે કે –
માની લે કે સ્થાપ્યો છે તેં મને તારા હૃદયના મણિમય સિંહાસને
તું – હું – ઉભયને સુદૃઢ વિશ્વાસ.
તું ચાહે છે મને.
એ જ અનુસારે હરીએ ફરીએ, વાતો કરીએ હાથમાં હાથ રાખી
લાલ થઈ ઊઠતી તું – અનેક લોકની વચ્ચે દૃષ્ટોદૃષ્ટ મળે ત્યારે.
લાલ થઈ ઊઠું હું યે – પાસેના કોઈને મોઢે તારું નામ સુણું ત્યારે.
મારા મુખ પરે કેશરાશિ વિખેરી દે –
એની ગન્ધે રોમાંચિત થઈ ઊઠે વસુંધરા.

હજુ યે કહું કે તને?
તાજાં માખણની તારી કાયા ઢાંકી રાખે જેમ કુત્સિત કંકાલ

તેમ જ આ પ્રેમ તારો પ્રેતને કો ઢાંકી રાખે
– બોલ, એવું કહું કે?
દુર્ભાગ્યે જ આ છે મારું. બધું જ હું જાણું.
મારી પાસે સરી આજે જે પાલવ પસારી દે સુન્દર લજ્જાએ
જાણું, એ ય શ્લથ થશે કોઈ એક રાતે –
(ત્યારે ક્યાં હોઈશ હું?)
શંકાતણું જે કંપન તારા દેહલાવણ્યને કરી મૂકે છે મધુર,
(અયિ કંકાવતી. –
મધુર! મધુર!)
જાણું, તે ય થંભી જશે ધૂસર પ્રભાતે એક, જ્યારે આંખ ખોલી
પાર્શ્વસ્થ મનુના દૃઢ આકુંચન થકી
કરશે મુક્ત તું તારો કટિતટ.
અનિશ્ચિત ભયે ભર્યા ભવિષ્યને કાજે
જે ઉત્કણ્ઠા સતાવે છે
તને – મને –
આપણા મિલન તણી પરિપૂર્ણતમ ઘડી
જે વ્યથાએ રણઝણી ઊઠે;–
તારે ખોળે માથું રાખી ગૂંચવું હું કેશ તારા આંગળીએ
ત્યારે જે વેદનાએ જોઉં કે તું દુષ્પ્રાપ્ય – દુર્લભ;
જે વેદના આ પ્રેમને કરી દે મહાન,
(અયિ કંકાવતી –
મહાન્! મહાન્)
જાણું તું ય ભૂલી જશે એ ઉત્કણ્ઠા, એ વેદના ને એ પ્રેમ
પ્રથમ શિશુના જન્મદિને.
આ તારી જે સ્તનરેખા બંકિમ, મસૃણ, ક્ષીણ સતત સ્પન્દિત –

જોયો છે અસ્પષ્ટતમ જેનો આભાસ જ માત્ર
જરાક શો જેનો સ્પર્શ આનન્દે કરે છે મને ઉન્મત્ત – ઉન્મત્ત,
(અયિ કંકાવતી!)
જાણું, તે યે સ્ફીત થશે સદ્યોજાત અધરની શોષણ-તૃષાએ
મને કરવાને મુગ્ધ જે સુસ્નિગ્ધ સુષમાએ સજાવતી સર્વદા તું તને
તારાં જે સૌન્દર્યને હું ચાહું (તને તો નહિ?)
જાણું, તે તું અંગથી ઉતારી ફેંકી દેશે –
કારણ, તારા જીવનનું બીબું ત્યારે
સદા માટે ઘડાઈ જ ગયું હશે
કોઈ રીતે એનો નહિ થશે કશો વ્યતિક્રમ
સુન્દર ના હોવા છતાં જીવનનું પાત્ર થતાં કશી ક્ષતિ કે ક્ષય ના થાય.
સુન્દર થવાની ગૂઢ, દુષ્કર સાધના
ક્લેશકર તપશ્ચર્યા
કોણ પછી કરવાને જાય?

બધું ય હું જાણું, તો ય – તેથી જ હું ચાહું,
જાણું તેથી અધિક જ ચાહું.
જાણું, માત્ર ત્યાં સુધી જ તું રહીશ તું
જ્યાં સુધી તું રહેશે મારી પ્રિયા.
સામે છે મૃત્યુની ગુહા, તારા મૃત્યુતણી.
ખીલી છે તું ફૂલ જેમ ક્ષણ કાજે આજના ઉજ્જ્વળ પ્રકાશે
પ્રેમના પ્રકાશે મમ –
એમાં શો દેખાય તારો ચળકાટ,
ને ક્ષણિક રંગીનતા – પતંગિયાવેડા
તેથી જ એ શોભાને હું ગટગટાવું
આંખો વડે, પ્રાણ વડે, આત્મા વડે, મૃત્યુની કલ્પના વડે

એ જ શોભા પીધે રાખું.
તારી આ બદામી આંખો – ચકચક, હળવી, ચટુલ
તેથી તો હું ચાહું.
તારા રતુમડા કેશ – અસ્તવ્યસ્ત, શુષ્ક ને નરમ
તેથી તો હું ચાહું.
એ જ કેશ, એ જ આંખ – એ બધાં છે મારે કાજે અરણ્ય ગભીર
એમાં મને મારગ ના શોધ્યો જડે.
જાતને હું ખોઈ બેસું – એ બે આંખો મહીં, કેશમહીં, – રતુમડા – બદામી
જાતને હું ભૂલી જાઉં, મને જ હું ખોઈ બેસું –
તેથી તો હું ચાહું.
ને હું ચાહું તાજાં તાજાં માખણ શી તનુલતા તારી
(અયિ કંકાવતી!)
ને હું ચાહું મને ચાહવાની વાસના તારી
(અયિ કંકાવતી)
અયિ કંકાવતી!